અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ ડિસેમ્બર ૨૦૨૩, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ ત્રીજ
વર્ષ : ૧૫
અંક : ૧૩૫
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સંસદની સુરક્ષામાં ચૂક મામલે સંસદમાં ભારે હોબાળો

# અધ્યક્ષના અનાદર મામલે સંસદમાંથી ૧૫ સાંસદ શિયાળુ સત્ર માટે સસ્પેન્ડ

### સંસદમાં સુરક્ષા ચૂક મામલે વિપક્ષી દળોએ લોકસભા અને રાજ્યસભા બંનેમાં ભારે હોબાળો મચાવ્યો હતો અને ગૃહ મંત્રી શાહના નિવેદનની માગ કરી હતી

। નવી દિલ્હી, તા.૧૪ ।

લોકસભામાંથી કોંગ્રેસ માટે પણ આંચકાજનક સમાચાર આવ્યા છે. કોંગ્રેસના સાંસદ ટી.એન. પ્રતાપન, હિબી ઈડેન, જોતિમણિ, રમ્યા હરિદાસ અને ડીન કુરિયાકોસને અધ્યક્ષના અનાદર મામલે શિયાળુ સત્રના બાકી સમયગાળા માટે ગૃહથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જોકે તેના બાદ પણ હોબાળો શાંત ન થતાં વધુ ૯ સાંસદોને સસ્પેન્ડ કરી દેવાયા હતા. એટલે કે હવે કુલ ૧૫ સાંસદો સસ્પેન્ડ થઈ ગયા છે જેમાં લોકસભામાં ૧૪ અને રાજ્યસભામાં ૧ સાંસદ સામેલ છે.



કોંગ્રેસના ૫ સાંસદોને સસ્પેન્ડ કરાયા બાદ પણ હોબાળો શાંત ન થતાં વધુ ૯ સાંસદોને શિયાળુ સત્ર માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. તેમાં બેની બેહનન, મોહમ્મદ જાવેદ, પી.આર.નટરાજન, કનિમોઝી, વી.કે.શ્રીકંદન, કે.સુબ્રમણ્યમ, એસ.આર. પાર્થિબન, એસ. વેંકટેશન અને મનિકમ ટાગોર સામેલ છે. સંસદમાં સુરક્ષા ચૂક મામલે વિપક્ષી દળોએ લોકસભા અને રાજ્યસભા બંનેમાં ભારે હોબાળો મચાવ્યો હતો અને ગૃહ મંત્રી શાહના નિવેદનની માગ કરી હતી. આ દરમિયાન લોકસભા સ્પીકરે હોબાળો કરવાના આરોપમાં કોંગ્રેસના સાંસદો સામે આ કાર્યવાહી કરી હતી. સંસદીય કાર્યમંત્રી પ્રહ્લાદ જોશીએ લોકસભામાં કહ્યું કે અમે બધા સહમત છીએ કે ગઈકાલે બનેલી ઘટના લોકસભાના સભ્યોની સુરક્ષામાં ગંભીર ચૂક હતી અને આ મામલે લોકસભા અધ્યક્ષના નિર્દેશ પર અમે ઉચ્ચતરીય તપાસ શરૂ કરાવી દીધી છે. તેમણે કહ્યું કે આ મુદ્દે કોઈપણ સભ્યથી રાજનીતિની અપેક્ષા નથી રખાતી. આપણે હવે પક્ષોની રાજનીતિથી ઉપર ઊઠીને કામ કરવું પડશે. સંસદમાં સુરક્ષા ચૂકની ઘટનાઓ પહેલા પણ બની હતી અને તે સમયે લોકસભાના અધ્યક્ષોના દિશાનિર્દેશો અનુસાર કાર્યવાહી ચાલતી જ રહી છે. અગાઉ રાજ્યસભામાંથી તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓબ્રાયનને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. તેમના સસ્પેન્શનને લઈને વિપક્ષી દળોના સાંસદોએ રાજ્યસભામાં જોરદાર હોબાળો કર્યો હતો.

## સંસદમાં સુરક્ષામાં ચૂક મામલે ૮ કર્મી સસ્પેન્ડ, ગૃહમાં હોબાળો

સંસદમાં ગઈકાલે સુરક્ષા ચૂકના મામલાથી રાજકારણ પણ ગરમાઇ ગયું છે. સંસદના બંને ગૃહોમાં હોબાળાની સ્થિતિ જોવા મળી રહી છે. જેના પગલે લોકસભાની કાર્યવાહી બે વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. બીજી બાજુ આ સુરક્ષા ચૂક મામલે કાર્યવાહી કરતાં ૮ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયાની માહિતી મળી રહી છે. સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓમાં રામપાલ, અરવિંદ, વીર દાસ, ગણેશ, અનિલ, પ્રદીપ, વિમિત્ત અને નરેન્દ્ર સામેલ છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે બે યુવાનો દર્શકોની ગેલેરીમાંથી કૂદીને સંસદમાં પ્રવેશી ગયા હતા અને તેમણે સ્મોક બોમ્બ વડે ગૃહને માથે લઈ લીધું હતું. સાંસદોએ તેમને પકડીને સુરક્ષાકર્મીઓને હવાલે કરી દીધા હતા. જ્યારે સંસદની બહાર પણ દેખાવ કરનારા બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ આ મામલે વધુ બે લોકોની સંડોવણીનો ખુલાસો થયો હતો જેમાંથી એકની ધરપકડ કરાઈ હતી અને એક હજુ ફરાર ચાલે છે. તમને જણાવી દઈએ કે જે ૮ કર્મચારીઓ પર આ કાર્યવાહી કરવામાં આવી છે તે સંસદ ભવનના સિક્યોરિટી સ્ટાફના સભ્યો હોવાની માહિતી છે. આ બધા એ જ જગ્યાએ પોસ્ટિંગ પર હતા જ્યાંથી આરોપી યુવકોએ એન્ટ્રી કરી હતી. આ આદેશ લોકસભા સચિવાલય તરફથી જાહેર કરાયો હતો.

### ન્યૂઝ બ્રિફ

#### ઈતિહાસના પુસ્તકોમાંથી મુઘલોના ચેપ્ટર હટાવાનો ઈરાદો નથી : પ્રધાન

। નવી દિલ્હી, તા.૧૪ ।

કેન્દ્રીય શિક્ષણ તથા કૌશલ્ય વિકાસમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને જ્યારે સવાલ કરાયો કે શું ઈતિહાસના પુસ્તકોમાંથી મુઘલોના ચેપ્ટર હટાવાશે? તો આ સવાલના જવાબમાં તેમણે કહ્યું કે અમારી સરકારનો એવો કોઈ ઈરાદો નથી. તેમણે એક કાર્યક્રમમાં આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે ધો.૨ સુધીના પુસ્તકો છપાઈ ગયા છે. તેને 'જાદુઈ પિટારા' નામ અપાયું છે. ધો.૩થી ૧૨ સુધીના પુસ્તકો પર હજુ કામ ચાલુ છે. એટલા માટે એમ કહેવું યોગ્ય નહીં ગણાય કે અમે ઈતિહાસ સાથે ચેડાં કરી રહ્યા છીએ.

#### ૭૨૫ કરોડ રૂપિયા સાથે મુંબઈ ઈન્ડિયન્સ બ્રાન્ડવેલ્યુમાં ટોચ પર

। મુંબઈ, તા.૧૪ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની આગામી સિઝન માટે ઓક્શન ૧૯ ડિસેમ્બરના રોજ દુબઈમાં આયોજિત થવાનું છે. આ ઓક્શન માટે તમામ ૧૦ ફ્રેન્ચાઈઝી તૈયારીઓ કરી રહી છે. આ દરમિયાન ગઈકાલે મુંબઈ ઈન્ડિયન્સે એક મોટી માહિતી સોશ્યલ મીડિયા પર શેર કરી હતી. તેણે બ્રાંડ વેલ્યુના આધારે તમામ ૧૦ ટીમોની રેંકિંગ વિશે જણાવ્યું હતું.

### હવે અયોધ્યા રામ મંદિરના નવા પૂજારીને લઈને વિવાદ

# રામમંદિરના મુખ્ય પૂજારી તરીકે મોહિત પાંડેની પસંદગીના ટ્રસ્ટનો ઈનકાર

### મદિરના મુખ્ય પૂજારી માટે ૩૦૦૦ પંડિતોની અરજીમાંથી ૫૦ની પસંદગી થઈ હોવાનું જાણવા મળ્યું હતું

। અયોધ્યા, તા.૧૪ ।

અયોધ્યામાં બની રહેલા ભવ્ય અને દિવ્ય રામ મંદિરનો અભિષેક ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ થવાનો છે. આ દરમિયાન મીડિયામાં સમાચાર વહેતા થયા કે ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના રહેવાસી મોહિત પાંડેની રામ મંદિરના મુખ્ય પૂજારી તરીકે પસંદગી કરવામાં આવી છે. ઘણા માધ્યમોએ જણાવ્યું હતું કે ૩૦૦૦પંડિતોની અરજીઓ સ્વીકારવામાં આવી હતી જેમાંથી ૫૦ની પસંદગી કરવામાં આવી હતી અને તેમાંથી મોહિત પાંડેનું નામ પસંદ થયું છે અને તેમને મુખ્ય પૂજારી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ દૂધેશ્વર વેદ વિદ્યાપીઠના વિદ્યાર્થી રહી ચૂક્યા છે. દરમિયાન, 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર' ટ્રસ્ટના સભ્ય કામેશ્વર





ચૌપાલે ફેસબુક પોસ્ટ દ્વારા આ અહેવાલોને ખોટા ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે અયોધ્યામાં શ્રી રામજન્મભૂમિ મંદિર માટે કોઈ મુખ્ય પૂજારીની નિમણૂક કરવામાં આવી નથી. તેમણે અપીલ પણ કરી છે કે કૃપા કરીને ભ્રામક સમાચારો પર ધ્યાન ન આપો. કામેશ્વર ચૌપાલે એમ પણ કહ્યું કે રામ મંદિરના પૂજારી સત્યેન્દ્ર દાસ છે અને કોઈ નવા પૂજારીની પસંદગી કરવામાં આવી નથી.

તેમણે કહ્યું કે કોઈ મુખ્ય પૂજારીની નિમણૂક કરવામાં આવી નથી. કામેશ્વર ચૌપાલના જણાવ્યા અનુસાર ઈન્ટરવ્યુ બાદ ૨૧ લોકોની પસંદગી કરવામાં આવી છે. જોકે, તેમને હજુ ૬ મહિનાની ટ્રેનિંગ આપવાની બાકી છે. ત્યાર બાદ યોગ્યતાના આધારે નિર્ણય લેવામાં આવશે. કામેશ્વર ચૌપાલે કહ્યું કે એ વાત સાચી છે કે સત્યેન્દ્ર દાસ વૃદ્ધ છે, પરંતુ અત્યારે તેઓ મુખ્ય પૂજારીની જવાબદારી નિભાવી રહ્યા છે અને તેમના અનુગામી તરીકે કોઈનું નામ નક્કી કરવામાં આવ્યું નથી.

### માસિક ધર્મમાં રજાના મુદ્દે કેન્દ્રીય મંત્રીનો જવાબ

## માસિક ધર્મ મહિલાના જીવનનો હિસ્સો, દિવ્યાંગતા નથી : સ્મૃતી ઈરાની

। નવી દિલ્હી, તા.૧૪ ।

માસિક ધર્મ (પીરિયડ્સ) દરમિયાન રજા મળવી જોઈએ કે નહીં તેની સાથે સંકળાયેલા એક સવાલના જવાબમાં કેન્દ્રીય મહિલા તથા બાળ વિકાસમંત્રી સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે તેની જરૂર જ નથી. કેન્દ્રીયમંત્રીએ કહ્યું કે હું માનું છું કે પીરિયડ્સ મહિલાના જીવનનો એક સ્વાભાવિક હિસ્સો છે, તે કોઈ દિવ્યાંગતા નથી. આ રીતે તેમણે સંકેત આપ્યો કે માસિક ધર્મ દરમિયાન મહિલાઓને રજા આપવાની કોઈ પોલિસી ઘડવાની જરૂર નથી. સ્મૃતિ ઈરાનીએ રાજ્યસભામાં જ કહ્યું કે એક મહિલા હોવાથી હું કહી શકું છે કે પીરિયડ્સ તેના જીવનચક્રનો સ્વાભાવિક હિસ્સો



છે, તે કોઈ દિવ્યાંગતા નથી. જોકે આજના સમયમાં મહિલાઓ વધુમાં વધુ આર્થિક તકો શોધી રહી છે ત્યારે હું તેના પર મારો વ્યક્તિગત અભિપ્રાય રજૂ કરવા માગુ છું. રાજ્યસભામાં રાજદના સાંસદ મનોજ ઝા તરફથી બુધવારે પ્રશ્નકાળ દરમિયાન આ સવાલ પૂછવામાં આવ્યો હતો. મનોજ ઝાએ પૂછ્યું હતું કે ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં બિહાર પ્રથમ રાજ્ય બન્યું હતું જેણે માસિક ધર્મની રજા આપી હતી.

### લોકસભામાં માર્ગ પરિવહન અને હાઈવે મંત્રીની સ્પષ્ટતા

## દેશમાં ૧૫ વર્ષ કે તેનાથી જૂના વાહનો પર પ્રતિબંધ નથી : ગડકરી

। નવી દિલ્હી, તા.૧૪ ।

ઘણીવાર એવી ચર્ચા ચાલે છે કે દેશમાં ૧૫ વર્ષ જૂના વાહનો પર પ્રતિબંધ મૂકી દેવાયો છે અને હવે લોકો આવા વાહનોનો ઉપયોગ નહીં કરી શકે. પણ શું તમે જાણો છો કે લોકસભામાં જ આ વાતને ફગાવી દેતાં માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નિતિન ગડકરીએ ચોખવટ કરી દીધી છે. હાં, નિતિન ગડકરીએ કહ્યું છે કે દેશમાં ૧૫ વર્ષ કે તેનાથી જૂના વાહનો પર પ્રતિબંધ નથી. જોકે નિતિન ગડકરીએ ખુલાસો કર્યો હતો કે દિલ્હી-એનસીઆરમાં સુપ્રીમકોર્ટે ૧૦ વર્ષ કે તેનાથી



વધુ જૂના થઈ ચૂકેલા ડીઝલ વાહનો અને ૧૫ વર્ષ કે તેનાથી જૂના પેટ્રોલ વાહનો પર રોક લગાવી દીધી છે. ગડકરીએ લોકસભામાં એક સવાલના જવાબમાં આ માહિતી આપી હતી.

### સેન્સેક્સે પ્રથમ વખત ૭૦,૦૦૦ના આંકડાને સ્પર્શ કર્યો

## વિક્રમી વૃદ્ધિ છતાં શેરબજાર રોકાણકારોને નફામાં બીજા ક્રમે

। મુંબઈ, તા.૧૪ ।

સેન્સેક્સે આ સપ્તાહે પ્રથમ વખત ૭૦,૦૦૦ના ઐતિહાસિક આંકડાને સ્પર્શ કર્યો છે. વિક્રમી વૃદ્ધિ છતાં સેન્સેક્સ છેલ્લા બે વર્ષમાં રોકાણકારોને નફો આપવામાં બીજા સ્થાને રહ્યું છે. ગયા અઠવાડિયે રેકોર્ડ રૂ. ૬૪,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામે પહોંચેલું સોનું, નફામાં પ્રથમ ક્રમે રહ્યું હતું, જેણે ૩૪ ટકા વળતર આપ્યું હતું. ચાંદીએ પણ ૨૧ ટકાનો નફો આપ્યો છે. જોકે, રૂપિયો, ક્રૂડ ઓઈલ અને બિટકોઈનના કારણે રોકાણકારોને નુકસાન થયું છે. સેન્સેક્સ ૬૦,૦૦૦ પર પહોંચ્યો ત્યારે જો કોઈએ ૧ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હોય, તો આ અઠવાડિયે આ રકમ વધીને ૧.૧૬ લાખ રૂપિયા થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન સેન્સેક્સના ૩૦માંથી ત્રણ શેરોએ સૌથી વધુ નફો આપ્યો હતો. એનટીપીસીએ ૧૩૧ ટકા વળતર આપ્યું છે, ટાટા મોટર્સે ૧૨૭ ટકા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ૧૧૨ ટકા વળતર આપ્યું છે. ઈમરજન્સીમાં સોનું સૌથી વધુ મદદરૂપ છે. ઘણા દેશોમાં તણાવ ચાલી રહેલો હોવા છતાં પણ સોનાએ સારું પ્રદર્શન કર્યું છે.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

# લસણના ભાવમાં ભડકો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

## લસણના ભાવ પ્રતિ કિલો ૩૦૦ રૂપિયા : કમોસમી વરસાદ તેમજ ખરાબ હવામાનના કારણે ટમેટા, ડુંગળી, આદુ બાદ હવે લસણના ભાવમાં વધારો

| અમદાવાદ, તા.૧૪ |

ખેડૂતો માટે ક્યાંક સારા તો ક્યાંક ખરાબ સમાચાર છે. ડુંગળીના ભાવ તળિયા જતા ડુંગળી પકવતા ખેડૂતોનો રોવાનો વારો આવ્યો છે તો બીજી બાજુ લસણના ભાવ આસમાને જતાં ખેડૂતો ખુશખુશાલ છે.

એક તરફ ખેડૂતોને ડુંગળીની હરાજીમાં પ્રતિ ૨૦ કિલો ૨૫૦ રૂપિયા પણ નથી મળતા. ત્યાં બજારમાં સુકા લસણના ભાવ પ્રતિ કિલો ૩૦૦ રૂપિયાએ પહોંચ્યા છે. છેલ્લા ઘણા સમયથી વાતાવરણમાં પરિવર્તન જોવા મળ્યું છે. જેના કારણે શાકભાજીના ભાવને અસર થઈ રહી છે. કમોસમી વરસાદ તેમજ ખરાબ હવામાનના કારણે ટમેટા, ડુંગળી, આદુ બાદ હવે લસણના ભાવમાં પણ વધારો થયો છે. ખરાબ હવામાનના કારણે લસણના પાકને નુકસાન થયું હોવાની તેના ઉત્પાદન પર અસર પડી છે અને આવકમાં ઘટાડો થયો છે. જેને કારણે લસણના ભાવમાં તેજી આવી છે. જેના કારણે લસણ ૨૫૦ થી ૩૦૦ રૂપિયા કિલો વેચાઈ રહ્યું છે. લસણા ભાવમાં ધરખમ વધારો થતાં ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાયું છે. જોકે આવનારા દિવસોમાં લસણની આવક શરૂ થતા તેના ભાવ ઘટાડો



થવાની શક્યતા છે. નાસિક અને પુણે જેવા મુખ્ય લસણ ઉત્પાદક રાજ્યોમાં ખરાબ હવામાનને કારણે પાકને થયેલા નુકસાનને કારણે મહારાષ્ટ્ર સહિત અન્ય રાજ્યોમાં તેનો પુરવઠો ઓછો થયો છે. આ ઉપરાંત અન્ય સ્થળોએ પણ પુરવઠાને અસર થઈ છે. વેપારીઓ હવે તેને અન્ય રાજ્યોમાંથી આયાત કરી રહ્યા છે અને તેના માટે વધુ લોજિસ્ટિક્સ ખર્ચ અને અન્ય ચાર્જ ચૂકવે છે. લસણના ભાવ વધવા પાછળ આ મહત્વના કારણો છે. વેપારીઓના મતે નવો પાક બજારમાં મોડો આવી શકે છે અને તે આવે ત્યાં સુધી ભાવમાં વધારો થઈ શકે છે. નોંધનીય છે કે છેલ્લા કેટલાક મહિનામાં ટામેટાંના ભાવ ૩૦૦ રૂપિયા પ્રતિ કિલોના સ્તરને સ્પર્શી ગયા હતા અને ત્યારબાદ રોજબરોજના ખાવામાં વપરાતી ડુંગળીના ભાવ પણ રોકેટની ઝડપે વધીને ૮૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા હતા. રાજધાની દિલ્હી સહિત અન્ય શહેરોમાં કિલોએ પહોંચી ગયો છે. પ્રથમ, બહારના રાજ્યોમાંથી ટામેટાંની આયાત કરીને અને દિલ્હી સહિત અન્ય સ્થળોએ સસ્તા ભાવે વેચીને ટામેટાના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો, જ્યારે ડુંગળીના ભાવને નિયંત્રિત કરવા માટે, સરકારે આવતા વર્ષના માર્ચ સુધી તેની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો હતો.

### ન્યૂઝ બ્રિફ

## ડુંગળીના પૂરતા ભાવ ન મળતા ગોંડલમાં ખેડૂતોનો આક્રોશ

| ગોંડલ, તા.૧૪ |

ભારત સરકાર દ્વાર ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. આ નિકાસ પ્રતિબંધને કારણે ડુંગળીના ભાવ સાવ તળિયે પહોંચી ગયા છે. જેના કારણે ખેડૂતોને ડુંગળી પકવવા માટે ખર્ચ કાઢવો પણ મુશ્કેલ થઈ રહ્યો છે. ડુંગળીના ભાવ ન મળતા સૌરાષ્ટ્રના સૌથી મોટા ગોંડલ માર્કેટ યાર્ડના ખેડૂતોએ ચક્કાજામ કર્યો છે. ખેડૂતોએ ડુંગળી રસ્તા પર ઠાલવીને વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતો દ્વારા રસ્તા પર ચક્કા જામ કરતાં ગોંડલ જૂનાગઢ નેશનલ હાઈવે પર ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે. મોટી સંખ્યામાં ખેડૂતો રસ્તા પર ઉતર્યા છે. ખેડૂતોને ડુંગળીનો પૂરતો ભાવ ન મળતા આ વિરોધ કરવામાં આવી રહ્યો છે. નેશનલ હાઈવે પર ચારે બાજુ રસ્તા પર ડુંગળીને ખેડૂતો પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે.

## મોડાસામાં ધોળે દિવસે મહિલાના ગળામાંથી ચેઈન સ્નેચિંગ

| અરવલ્લી, તા.૧૪ |

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં એક સોસાયટીમાં પોતાના ઘર નજીકથી જ એક વૃદ્ધાની સોનાની ચેઈન સ્નેચિંગની ઘટના સર્જાઈ હતી. ધોળા દિવસે જ તસ્કરોને કોઈ ડર ના હોય એવી સ્થિતિ સમાન આ દ્રશ્યો ઝઝ્રફ કેમેરામાં કેદ થયા છે. દિવસ દરમિયાન જ બાઈક પર આવીને બે શખ્શોએ વૃદ્ધાના ગળામાંથી ચેઈન સ્નેચિંગ કરી હતી.મોડાસા શહેરમાં ફરીએકવાર તસ્કરોએ ત્રાસ વર્તાવવો શરુ કર્યો છે. આ વખતે ધોળે દિવસે જ સોસાયટી વિસ્તારમાં જ ચેઈન સ્નેચર યુવકોએ સોનાના દોરાને લૂંટી લીધો છે. એક વૃદ્ધ મહિલા પોતાના ઘર પાસેથી પસાર થઈ રહી હતી, એ દરમિયાન બાઈક પર આવેલા બે શખ્શોએ લૂંટ કરી હતી. મહિલાના ગળામાં પહેરેલ સોનાની ચેઈનને બાઈક સવાર શખ્શો તોડીને ફરાર થઈ ગયા હતા.શહેરના ગંગાનગર સોસાયટી વિસ્તારમાં એક મહિલાના ગળામાંથી સોનાની ચેઈન બે બાઈક સવાર તફડાવી ગયા હતા. મહિલાના ગળામાંથી સોનાની ચેઈન તોડવાની આ ઘટના નજીકમાં રહેલા



લાલ દરવાજા ભદ્ર માર્કેટમાં ક્રિસમસની ખરીદી કરી રહેલ લોકો.

### ચૂંટણી પરિણામો બાદ એક સર્વે સામે આવ્યો છે

## ગુજરાતમાં કોંગ્રેસ ભાજપને ક્લિન સ્વીપ કરતા રોકી શકશે?

| અમદાવાદ, તા.૧૪ |

દેશના પાંચ રાજ્યોમાં ચૂંટણીના પરિણામો આવી ગયા અને તેમાં ભાજપને ઝળહળતી સફળતા મળી છે. હવે ભાજપ અને કોંગ્રેસે લોકસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરવા માંડી છે. આગામી વર્ષે દેશમાં લોકસભા ચૂંટણી થશે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે શું આ વખતે પણ ભાજપનો ગઢ ગણાતા ગુજરાતમાં કોંગ્રેસ ભાજપને ક્લિન સ્વીપ કરતા રોકી શકશે ખરા? આ અંગે ટાઈમ્સ નાઉ ઈટીજી રિસર્ચ સર્વે દ્વારા એક સર્વે થયો છે જેમાં કોને કેટલી સીટો અને મત મળી શકે છે તે અંગે અનુમાન વ્યક્ત કરાયું છે. ભાજપના નેતૃત્વવાળા NDA અને કોંગ્રેસના નેતૃત્વવાળા INDIA અલાયન્સન અંગે સર્વે થયો છે.

અત્રે જણાવવાનું કે ગત લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ભાજપે ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો કબજે કરી હતી. તે પહેલા પણ ૨૦૧૪માં ભાજપે ક્લિન સ્વીપ કરતા ૨૬ બેઠકો મેળવી હતી. ત્યારે આ વખતે પણ ભાજપનું લક્ષ્ય તમામ બેઠકો મેળવવાનું છે.

### તપાસમાં કરોડોના બેનામી વ્યવહાર મળ્યા

## ૫ દિવસ બાદ સુરતના સુરાના અને કંસલ ગ્રુપ પર ITના દરોડાની કાર્યવાહી પૂર્ણ

| સુરત, તા.૧૪ |

છેલ્લા ઘણા સમયથી આવકવેરા વિભાગ દ્વારા રાજ્યભરમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. ત્યારે આજે સુરતમાં સુરાના ગ્રુપ અને કંસલ ગ્રુપ ઉપર આવકવેરાના દરોડા પાડ્યા છે. અત્રે જણાવીએ કે, ૫ દિવસ બાદ સુરાના ગ્રુપ ઉપર દરોડાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. સુરાના ગ્રુપ અને કંસલ ગ્રુપના ૨૨થી વધુ સ્થળો પર આવકવેરા વિભાગે સપાટો બોલાવ્યો છે. સૂત્રો પાપ્ત માહિતી મુજબ સુરાના ગ્રુપની ૫૦૦ કરોડની બેનમી આવક, સંપત્તિ અને વ્યવહારો મળી આવ્યા છે. જ્યારે કંસલ ગ્રુપના ૨૦૦ કરોડના બેનામી વ્યવહારો, સંપત્તિ આવક મળ્યી આવ્યો છે. મળી આવેલા દસ્તાવેજોનું વેરિફિકેશન કર્યા બાદ કર ચોરીની સાચી રકમ બહાર આવશે. સુરાના ગ્રુપ જમીન લે વેચ અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રે સંકળાયેલું છે. જ્યારે કંસલ ગ્રુપ યાર્નના વ્યવસાય ઉપરાંત જમીનના ધંધા સાથે પણે સંકળાયેલું છે. અત્રે જણા વીએ કે, ૧૦૦થી વધુના કાફલા સાથે આવકવેરા વિભાગે સપાટો બોલાવ્યો હતો.

## અમદાવાદને દુબઈ-સિંગાપુર જેવું ઝાકમઝોળ બનાવવા કવાયત

| અમદાવાદ, તા.૧૪ |

ગુજરાતના હાર્દ સમાન અમદાવાદને દુબઈ અને સિંગાપુર જેવું ઝાકમઝોળ બનાવવાની કવાયત થઈ રહી છે. આ માટે વધુ ૭ ગગનચુંબી આઈકોનિક બિલ્ડિંગને બનાવવાની મંજૂરી મળી છે. અત્રે જણાવવાનું કે હાલ ગુજરાતમાં ૧૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી ૧૫ ઈમારતો છે જેમાં હવે આ ૭નો પણ ઉમેરો થશે. જે અમદાવાદની શાનમાં વધારો કરશે. આ જે ૭ ગગનચુંબી ઈમારતોને મંજૂરી મળી છે તેમાંથી ૫ ઈમારતો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં જ્યારે એક ઔડા વિસ્તારની હદમાં તથા એક ઊંચી ઈમારત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં બનશે. શહેરી વિકાસ વિભાગે આ બિલ્ડિંગો બનાવવા માટે અંદાજે ૪૦૩૮ કરોડ રૂપિયાના બજેટને પણ સત્તાવાર રીતે મંજૂરી આપી છે. આ મામલે ૧૫મી ડિસેમ્બરે ૧૦મી વાયબ્રન્ટ સમિટ સમયે યોજાઈ રહેલા શહેરી વિકાસ વિભાગના સેમીનારમાં નવા બિલ્ડિંગ્સના પ્રમોટર્સ સાથે ઔપચારિક એમઓયુ કરવામાં આવશે.

અત્રે જણાવવાનું કે અગાઉ જે ૧૦૦ મીટરથી ઊંચા એવા ૧૫ બિલ્ડિંગો માટે મંજૂરી અપાઈ હતી અને જેના બાંધકામ ચાલુ છે તેમાની ૧૨ ઈમારતો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ઔડાની હદમાં છે. જ્યારે એક એક બિલ્ડિંગ્સ સુરત, વડોદરા, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં બની રહી છે.

## ગ્રાંટેડ કોલેજના અધ્યાપક સહાયકો માટે મહત્વપૂર્ણ નિર્ણય

### હવેથી પાંચ વર્ષ ફિક્સ પગારની નોકરી સળંગ ગણવામાં આવશે : બઢતી, ઉચ્ચતર પગાર ધોરણ માટે લાભ મળશે

| ગાંધીનગર, તા.૧૪ |

અધ્યાપર સહાયકો માટે મોટા સમાચાર છે. ગ્રાંટેડ કોલેજના અધ્યાપક સહાયકો માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. જી હા... બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપક સહાયકો માટે સરકારે પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં પાંચ વર્ષ ફિક્સ પગારની નોકરી સળંગ ગણાશે. બઢતી, ઉચ્ચતર પગાર ધોરણ માટે લાભ મળશે. ઓગસ્ટ ૨૦૦૫ના ઠરાવથી નિમણૂંક પામેલા અધ્યાપક સહાયકને લાભ મળશે, આવા બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજના અધ્યાપક સહાયકોની ફિક્સ પે ની સેવાઓને સળંગ ગણાશે. ફિક્સ પે વખતના પાંચ વર્ષના સમયગાળાને શરતોને આધિન ગણતરીમાં લેવાશે. પ્રમોશન , સિનિયોરીટી , હાયર સ્કેલ અને નિવૃત વિષેયક લાભો માટે ફિક્સ પે ના પાંચ વર્ષને પણ ગણતરીમાં લેવાશે. શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે.

ઠરાવા મુજબ, રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૫ના ઠરાવથી નિમણૂક પામેલ અધ્યાપક સહાયકને તેઓની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓનેબઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો આપવા માટે સેવા તરીકે નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે. આવી ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ અને નિવૃત્તિ વિક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવાશે,, આ વિવાય અન્ય કોઈપણ પ્રકારના સેવાકીય/નાણાકીય લાભ મળવા પાત્ર થશે નહીં. આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાને કારણેપગારબાંધણી થતાં નક્કી થતાં પગારનો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઈપણ તફાવત ચએરીયસૃ રોકડમાં કે અન્ય કોઈપણ રીતે ચૂકવવા પાત્ર થશે નહી. અર્થાત તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરીમાં નોશનલ કરવાની રહેશે તેમજ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળાનું કોઈ એરીયર્સ મળવા પાત્ર થશે નહીં.

## થર્ટી ફર્સ્ટ પહેલા દારૂ ઘુસાડવાનો માથું ચકરાવી દે તેવો કીમિયો

| રાજકોટ, તા.૧૪ |

શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા થર્ટી ફર્સ્ટ પૂર્વે ૪૦ લાખનો દારૂ ઝડપી પાડવામાં આવ્યો છે. રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર આવેલા બામણબોર ચેકપોસ્ટથી થોડી દૂર ૧:૦૦ વાગ્યાના અરસામાં રાજસ્થાનના સાંચોર જિલ્લાના મંગળારામ ગોદરા નામના વ્યક્તિને દારૂના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે જુદી જુદી બ્રાન્ડની ૮,૮૦૦ થી પણ વધુ બોટલો કબજે કરી છે. તો સાથે જ અશોક લેલન્ડ કંપનીનું ટેક્કર સહિત ૫૦ લાખથી પણ વધુનો મુદ્દા માલ કબજે કર્યો છે. ત્યારે સમગ્ર મામલે આરોપી વિરુદ્ધ રાજકોટ સીટી ક્રાઈમ બ્રાન્ચ ખાતે પ્રોહિબિશન ની કલમ હેઠળ ગુનો દાખલ પણ કરવામાં આવ્યો છે. પોલીસથી બચવા ટેક્કરમાં ચોરખાના બનાવીને દારૂ ઘુસાડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે, વિદેશી દારૂનો મોટો જથ્થો ચોટીલાથી રાજકોટ તરફ આવી રહ્યો છે. જે ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા વોચ ગોઠવવામાં આવતા એક ટેક્કર વડોદરા પાસે સ્થળ પરથી પસાર થયું હતું.

### વિશેષ

### શ્રેષ્ઠ કાર્ય પ્રદર્શન માટે અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર (AVRSP)થી સન્માનિત કરવામાં આવશે

# અમદાવાદ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઓપરેશન મેનેજર સુશ્રી ડો. જીનીયા ગુપ્તાને અપાશે અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઑપરેશન મેનેજર સુશ્રી ડૉ. જીનીયા ગુપ્તાને વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન તેમના શ્રેષ્ઠ કાર્ય પ્રદર્શન માટે અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર **(AVRSP)**થી સન્માનિત કરવામાં આવશે. ૧૫મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ નવી દિલ્હીમાં આયોજિત થનારા ૬૮મા રાષ્ટ્રીય રેલવે સપ્તાહના ગૌરવપૂર્ણ સમારોહમાં માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા તેમને આ સન્માન પ્રદાન કરવામાં આવશે.

સુશ્રી ડૉ. જીનિયા ગુપ્તા એ પશ્ચિમ રેલવેના હેડક્વાર્ટરમાં ઉપ મુખ્ય પરિચાલન પ્રબંધક અને હાલમાં અમદાવાદ ડિવિઝનના વરિષ્ઠ પરિચાલન પ્રબંધક તરીકે નિમ્નલિખીત નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે.

- નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૦.૪૧ મેટ્રીક ટન માલ લોડિંગનો એક નોંધપાત્ર માઈલસ્ટોન હાંસલ કર્યો, જે ૪૯.૨૬ મેટ્રીક ટનના લક્ષ્ય કરતાં ૨.૩૩% વધુ છે. એપ્રિલ ૨૦૦૩માં ડિવિઝનની રચના થઈ ત્યારથી આ અત્યાર સુધીનો આ સૌથી વધુ માલ લોડિંગ છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૦.૪૧ મેટ્રીક ટનના ઉત્કૃષ્ટ માલ લોડિંગ પ્રદર્શન સાથે

ભારતીય રેલ્વેમાં અમદાવાદ ડિવિઝન ઉચ્ચતમ લોડિંગ સાથે સાતમા ક્રમે છે.

- નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૩૩૪ લાંબા અંતરની ટ્રેનો દોડાવીને અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ લાંબા અંતરનું પ્રદર્શન હાંસલ કરવામાં આવ્યું.નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં દોડાવેલ ૯૬૪ લાંબા અંતરની ટ્રેનોની તુલનામાં ૧૪૨% નો ભારે વધારો.
- નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૬૩૪૮ ટ્રેનો દોડાવીને અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ ટ્રેન પ્રદર્શન



પ્રાપ્ત કર્યું જે ૧૦૧૫૬ ટ્રેનો (નાણાકીય વર્ષ ૨૧-૨૨)ના અગાઉના સર્વશ્રેષ્ઠ રેકોર્ડને વટાવી ગયું જે ગત વર્ષની તુલનામાં ૬૦% વધુ છે.

- અમદાવાદ ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૮૫.૨૧ ની સરેરાશ ઈન્ટરચેન્જ સાથે અત્યાર સુધીનું સૈથી શ્રેષ્ઠ ડિવિઝનલ ઇન્ટરચેન્જ નોંધ્યું હતું. જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની સરેરાશ ૧૬૮.૯૫ કરતાં ૯.૬૩% વધુ છે.
- તમામ સલામતીની સાવચેતીઓ સાથે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૫૬.૨૦૬ કિલોમીટરનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ ડબલિંગ કરવામાં આવ્યું હતું અને ૪૦ એનઆઈ કાર્ય સફળતાપૂર્વક પૂરા થયા જે નાણાકીય વર્ષ ૨૦-૨૧માં ૨૬ એનઆઈ ના અગાઉના સર્વશ્રેષ્ઠ રેકોર્ડને વટાવી ગયું છે.
- વાધારવા માં મેસર્સ નવકાર કોર્પ લિમિટેડ ડિવિઝનનું પ્રથમ જીસીટી શરૂ કરવામાં આવ્યું.
- મેસર્સ મારુતિ સુઝુકી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ જીએસટી ની બેચરાજી ખાતે સ્થાપના કરવામાં આવી.
- મેસર્સ આર્ય લોજિસ્ટિક્સ પ્રાઈવેટ લિમિટેડનું જીએસટી સુરબારી ખાતે કાર્યરત કરવામાં આવ્યું.

ડો. જીનીયા ગુપ્તા,વરિષ્ઠ મંડળ પરિચાલન પ્રબંધકે પરિચાલનના તમામ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવી હતી જેના ટ્રેનોના સુચારૂ સંચાલન ઉપરાંત કારણે ડિવિઝનના લોડિંગ અને આવકમાં નોંધપાત્ર સુધારો થયો હતો

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ સુશ્રી ડો. જીનિયા ગુપ્તાની પ્રશંસા કરતાં તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા અને શ્રી શર્માએ આને અન્ય રેલ્વે અધિકારીઓ અને રેલ્વે કર્મચારીઓ માટે પ્રેરણાદાયી અને અનુકરણીય પણ ગણાવ્યું.

### ઈમરાન પર ગુપ્ત માહિતી લીક કરવાનો આરોપ

# પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાનખાનની વધી મુશ્કેલી



। ઈસ્લામાબાદ, તા.૧૪ ।

પાકિસ્તાનની વિશેષ અદાલતે ફરી એકવાર ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન અને ભૂતપૂર્વ વિદેશ પ્રધાન શાહ મહમૂદ કુરેશીને દેશની ગુપ્ત માહિતી લીક કરવા અને દેશના કાયદાનું ઉલ્લંઘન કરવાના આરોપમાં દોષિત ઠેરવ્યા છે. ન્યાયાધીશ અબુલ હસનત ઝુલકરનૈને રાવલપિંડીની ઉચ્ચ સુરક્ષાવાળી અદિયાલા જેલમાં આ કાર્યવાહી હાથ ધરી હતી. આ જેલમાં પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) પાર્ટીના બે ટોચના નેતાઓ કેદ છે. ન્યાયાધીશે બંને નેતાઓ સામેના આરોપો વાંચી સંભળાવ્યા હતા. તો બંને કોર્ટ રૂમની અંદર હાજર હતા, પરંતુ બંનેએ આરોપને ફગાવી દીધો હતો. જો ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ દોષિત ઠરે તો ૧૦ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. કોર્ટે ઈમરાન ખાનને બીજી વખત દોષિત જાહેર કર્યા છે. આ પહેલા કોર્ટે ટેકનિકલ આધાર પર આરોપ ફગાવી દીધો હતો. કોર્ટે કહ્યું હતું કે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું નથી. કોર્ટરૂમમાંથી બહાર આવતી વિગતો અનુસાર, ન્યાયાધીશ દ્વારા ત્રણ આરોપો સંભળાવવામાં આવ્યા હતા. જેમાં આરોપીઓએ તેમના કાર્યકાળ દરમિયાન સત્તાવાર રહસ્ય અધિનિયમનું ઉલ્લંઘન કર્યું હતું. આ રીતે દેશની સુરક્ષાને નુકસાન થયું હતું. ઈમરાન ખાને ૨૭ માર્ચ, ૨૦૨૨ના રોજ ઈસ્લામાબાદમાં આયોજિત રેલીમાં ક્લાસિફાઈડ ડોક્યુમેન્ટ જાહેરમાં બતાવ્યા હતા.

સરકારી વકીલ શાહ ખાવરે બુધવારે જણાવ્યું હતું કે, કોર્ટરૂમમાં આરોપો વાંચવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ખાન અને તેના સહ-આરોપી પૂર્વ વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરેશી બંનેએ આરોપોને નકારી કાઢ્યા છે. ખાનના વકીલ ગોહર ખાને આરોપનો વિરોધ કરતા કહ્યું હતું કે જો આરોપીની સહી હશે તો જ તે માન્ય ગણાશે. પૂર્વ વડાપ્રધાને અગાઉ કહ્યું હતું કે આ સામગ્રી અન્ય સ્ત્રોતોથી મીડિયામાં આવી છે. ૮ ફેબ્રુઆરીની ચૂંટણીઓ પહેલા તેમના પક્ષ માટે પ્રચાર કરવા માટે જેલમાંથી મુક્ત થવાની તેમની શક્યતાઓને ઓછી દેખાઈ રહી છે. બુધવારે, પાકિસ્તાનની સર્વોચ્ચ અદાલતે મે મહિનામાં તેમની ધરપકડ બાદ થયેલા હિંસક વિરોધ અંગે લશ્કરી અદાલતોને તેમની સામે કેસ ચલાવવાની મંજૂરી આપી હતી. લશ્કરી ઠેકાણા પર હુમલો કરવાના આરોપમાં ખાનના ૧૦૦થી વધુ સમર્થકોની ટ્રાયલ ફરી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટનો તાજેતરનો આદેશ બે મહિના કરતાં ઓછા સમય પછી આવ્યો છે. જ્યારે એ જ કોર્ટના પાંચ ન્યાયાધીશોએ ખાનની પાર્ટી, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પર કાર્યવાહીના ભાગરૂપે ધરપકડ કરાયેલા ૧૦૩ નાગરિકોની સુનાવણી અટકાવી દીધી હતી.

### બુધવારે સંસદમાં બે યુવાનો ઘુસી ગયા હતા

# લોકસભામાં સ્મોક એટેક કરનારાને ૧૦ લાખની સહાયની પન્નૂની જાહેરાત



। નવી દિલ્હી, તા.૧૪ ।

રાજધાની નવી દિલ્હીમાં ૨૨ વર્ષ પહેલાં ૧૩ ડિસેમ્બરના રોજ પાંચ આતંકવાદીઓએ સંસદ પર હુમલો કર્યો હતો જેમાં દિલ્હી પોલીસના પાંચ જવાન સહિત ૯ લોકોનાં મોત થઈ ગયા હતા. આ ઘટનાને બે દાયકા વીતી ગયા છે ત્યારે હવે આ આતંકવાદી હુમલાની ૨૨મી વરસી પર જ બુધવારે સંસદની સુરક્ષામાં મોટી ચૂક થઈ હતી. લોકસભામાં બે યુવાનોએ ઘૂસીને 'સ્મોક એટેક' કર્યો હતો જ્યારે બે લોકોએ સંસદની બહાર ગેસના ધુમાડા કર્યા હતા અને તેમણે તાનાશાહી નહીં ચલેગી, ભારત માતા કી જય, જય ભીમ, જય ભારતનો સૂત્રોચ્ચાર કર્યો હતો. ત્યારે હવે શીખ ફોર જસ્ટિસના જનરલ કાઉન્સિલ અને આતંકવાદી ગુરપતવંત પન્નૂએ આ ઘટનામાં સામેલ વિદ્રોહીઓ માટે ૧૦ લાખ રૂપિયાની કાનૂની સહાયની જાહેરાત કરી છે. પન્નૂએ કહ્યું કે, ૧૩ ડિસેમ્બરે સંસદનો પાયો હચમચી ગયો અને ખાલિસ્તાન લોકમત સંગ્રહ માટે મતદાર રજિસ્ટ્રેશનની શરૂઆત સાથે તે હચમચતો રહેશે.

ખાલિસ્તાની આતંકવાદી પન્નુએ તાજેતરમાં જ એક વીડિયો મેસેજ જારી કરીને સંસદ પર હુમલાની ધમકી આપી હતી. જોકે હજુ સુધી તમામ છ આરોપીઓ અને ખાલિસ્તાન મુવમેન્ટ વચ્ચે કોઈ કનેક્શન સામે નથી આવ્યું. ધમકીભર્યા વિડિયોમાં પન્નૂએ ૨૦૦૧ના સંસદ હુમલાના દોષી અફઝલ ગુરુનું પોસ્ટર અને 'દિલ્હી બનેગા ખાલિસ્તાન' શીર્ષક આપતા કહ્યું હતું કે ભારતીય એજન્સીઓ દ્વારા તેમની હત્યાનું કાવતરું નિષ્ફળ ગયું છે. તે ૧૩ ડિસેમ્બરે અથવા તે પહેલાં સંસદ પર હુમલો કરીને તેનો જવાબ આપશે.

લોકસભામાં ગઈ કાલે કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે નવું સંસદભવન જોવાના બહાને મૈસૂરથી ભાજપના સાંસદ પ્રતાપ સિંહાની ઓફિસમાંથી પાસ લઈને બે યુવાનો સાગર શર્મા અને મૈસુરના મનોરંજન ડી બપોરે ૧.૦૦ વાગ્યે દર્શક ગેલેરીમાંથી સાંસદોની બેન્ચ પર કૂદ્યા હતા અને આમ-તેમ દોડાદોડી કરી હતી અને ત્યાર બાદ બૂટમાંથી પીળા રંગનો ગેસ સ્પ્રે કર્યો હતો. આ સાથે જ તેમણે સૂત્રોચ્ચાર કર્યો હતો. જોકે, સાંસદોએ બંને યુવકોને પકડી લીધા હતા અને તેમની જોરદાર મારપીટ કરી હતી ત્યાર બાદ તેમને સુરક્ષા કર્મચારીઓને હવાલે કરી દીધા હતા. આ સમયે લોકસભા ગૃહ પીળા ધુમાડાથી ભરાઈ જતાં કાર્યવાહી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી સ્થગિત કરી દેવાઈ હતી.

# હું ગર્વથી કહું છું કે હું મુસ્લિમ અને ભારતીય છું : મોહમ્મદ શમી

### મારે સજદા કરવો હોય તો મને કોણ રોકી શકે? જો હું તે કરવા માંગતો હતો, તો હું તે કરીશ : પેસ બોલર

। નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતીય ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે માત્ર ૭ મેચમાં ૨૪ વિકેટ ઝડપી હતી. જેમાં ત્રણ વખત ૫ કે તેથી વધુ વિકેટ ઝડપી હતી. શમીએ બીજી ૫ વિકેટ હોલ શ્રીલંકા સામે લીધી હતી.

આ ૫ વિકેટ લેવા બાદ શમી જમીન પર બેસી ગયો હતો. જેને જોઈને લોકોએ કહેવાનું શરુ કર્યું હતું કે તે સજદા કરવા ઈચ્છે છે પરંતુ તે તેમ કરી શકાયો નહીં. શમીએ પોતાનું મૌન તોડ્યું અને આ મામલે જવાબ આપ્યો હતો. એક પ્રોગ્રામમાં શમીએ સજદાને લઈને જવાબ આપતા કહ્યું કે શું પહેલા મેં આવ્યું ક્યારેય કર્યું છે? તેણે એમ પણ કહ્યું કે જો તે સજદા કરવા માંગતો હતો તો તેને કોણ રોકી



શકતું હતું. શમીએ જમીન પર બેસવાને લઈને કહ્યું, મારે સજદા કરવો હોય તો મને કોણ રોકી શકે? જો હું તે કરવા માંગતો હતો, તો હું તે કરીશ. હું ગર્વથી કહું છું કે હું મુસ્લિમ અને ભારતીય છું. શું મેં આ પહેલા ક્યારેય ૫ વિકેટ ઝડપીને સજદા કર્યા છે? મેં ઘણી ૫ વિકેટ ઝડપી છે. શમીએ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની પ્રથમ મેચ ન્યૂઝીલેન્ડ સામે રમી હતી, જેમાં તેણે ૫૪ રન આપીને ૫ વિકેટ લીધી હતી. આ પછી તેની આગામી પાંચ વિકેટ શ્રીલંકા સામે આવી, જેમાં તેણે માત્ર ૧૮ રન આપીને ૫ વિકેટ લીધી હતી. ત્યારબાદ શમીએ ન્યૂઝીલેન્ડ સામેની સેમિફાઈનલ મેચમાં ૫૭ રન આપીને ૭ વિકેટ મેળવી હતી. શમી ટુર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો. તેણે ૭ મેચમાં ૧૦.૭૧ની એવરેજથી ૨૪ વિકેટ પોતાના નામે કરી હતી.

### નવી મુંબઈમાં ભારત-ઈંગ્લેન્ડ મહિલા ક્રિકેટ ટેસ્ટ

# ભારતની શુભા સતીશે ડેબ્યુ પર ફાસ્ટેસ્ટ ફિફ્ટીનો રેકોર્ડ તોડ્યો

। મુંબઈ, તા.૧૪ ।

ભારત અને ઈંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે નવી મુંબઈના ડી.વાય પાટિલ સ્પોર્ટ્સ એકેડમી સ્ટેડિયમમાં ટેસ્ટ મેચ રમાઈ રહી છે. આ મેચ દરમિયાન ભારત તરફથી ત્રણ મહિલા ખેલાડીઓએ ડેબ્યૂ કર્યો છે, જેમાં કર્ણાટકની ૨૪ વર્ષીય શુભા સતીશ પણ સામેલ છે. શુભાને ત્રીજા નંબર પર બેટિંગ કરવાનો મોકો મળ્યો હતો. આ મોકાનો લાભ ઉઠાવતા શુભાએ શાનદાર ફિફ્ટી ફટકારી અને ટીમને મુશ્કેલ પરિસ્થિતિમાંથી પણ બહાર કાઢી હતી. આ સાથે જ તેણે સ્મૃતિ મંધાનાનો ફાસ્ટેસ્ટ ફિફ્ટી બનાવવાનો રેકોર્ડ પણ તોડ્યો હતો. શુભાએ તેની ડેબ્યૂ મેચમાં માત્ર ૪૯ બોલમાં ફિફ્ટી ફટકારી હતી, જે ટેસ્ટ ફોર્મેટમાં કોઈપણ ભારતીય મહિલા ખેલાડી દ્વારા



બીજી સૌથી ફાસ્ટેસ્ટ ફિફ્ટી હતી. શુભા પહેલા ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર બેટર સ્મૃતિ મંધાનાએ ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી એક ટેસ્ટ મેચમાં ૫૧ બોલમાં ફિફ્ટી ફટકારી હતી. શુભા તેની પહેલી મેચમાં જ સ્મૃતિથી આગળ નીકળી ગઈ છે. આ લીસ્ટમાં ભારતની પૂર્વ ક્રિકેટર સંગીતા દાબિર ટોપ પર છે. સંગીતાએ ઈંગ્લેન્ડ સામે રમાયેલી એક ટેસ્ટ મેચમાં માત્ર ૪૦ બોલમાં ફિફ્ટી ફટકારી હતી.

શુભાએ આજે ઈંગ્લેન્ડ સામે ૭૬ બોલમાં ૬૯ રન બનાવ્યા અને આ દરમિયાન તેની સ્ટ્રાઈક રેટ ૯૦.૭૯ની હતી.

શુભાએ તેની ઈનિંગમાં ૧૩ ચોગ્ગા ફટકાર્યા હતા. તેના સિવાય ડેબ્યૂ કરનાર ખેલાડીઓમાં જેમિમા રોડ્રિગ્સ પણ છે. જેમિમાને નંબર-૪ પર બેટિંગ કરવાનો મોકો મળ્યો હતો. તેણે પણ પોતાના ડેબ્યૂ મેચમાં ફિફ્ટી ફટકારી હતી. તેણે ૯૯ બોલમાં ૬૮ રન બનાવ્યા હતા. ભારતની ૨ વિકેટ ૪૭ રનમાં પડી ગયા બાદ જેમિમા અને શુભાએ મળીને ૧૦૦ રનની ભાગીદારી કરી અને ભારતીય ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢવામાં મદદ કરી હતી.

### આઈપીએલ ૨૦૨૪ની જોરશોરથી તૈયારીઓ શરૂ

# કોલકાતાના સુકાની તરીકે શ્રેયસ ઐયર, પસુકાની તરીકે નીતિશ રાણાની વરણી



। કોલકાતા, તા.૧૪ ।

આઈપીએલ૨૦૨૪ની જોરશોરથી તૈયારીઓ શરૂ ગઈ છે, જેમાં કોલકતા નાઈટ રાઈડર્સે ફરી એક વખત શ્રેયસ ઐય્યરના હાથમાં કપ્તાની સોંપી છે. જ્યારે ટીમમાં વાઈસ કેપ્ટન તરીકે નીતીશ રાણાને બનાવવામાં આવ્યો છે. મહત્વનું છે કે છેલ્લી કેટલીક આઈપીએલમાં નીતીશ રાણાએ કેપ્ટનશીપ કરી હતી. બીજી બાજુ ગૌતમ ગંભીર હાલમાં જ કોલકતા ટીમના મેન્ટર તરીકે જોડાયા છે. કેકેઆરના સીઈઓએ કહ્યું ગત આઈપીએલમાં શ્રેયસ ચોટિલ હોવાના કારણે રમી શક્યો ન હતો તે અમારા માટે દુર્ભાગ્યપૂર્ણ હતું. પરંતુ જે રીતે આ ઈજામાંથી બહાર આવીને શ્રેયસે પોતાનું ફોર્મ દેખાડ્યું છે તે જ તેની કાબિલેયત દર્શાવે છે. તેમણે કહ્યું અમે એ નીતીશનો પણ આભાર માનીએ છીએ કે ગત આઈપીએલમાં શ્રેયસની જગ્યા લેવા માટે સહમત થયો અને તેણે શાનદાર પ્રદર્શન પણ કર્યુ. વાઈસ કેપ્ટનના રોલમાં નીતીશ શ્રેયસને સમર્થન કરવાના તમામ સંભવ પ્રયાસ કરશે. બીજી બાજુ શ્રેયસ ઐય્યરે પોતાના કેપ્ટન બનવા પર કહ્યું કે ગઈ સીઝનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

# સ્પિનર શોએબ બશીર બંધ આંખોથી કરી શકે છે બોલિંગ

। લંડન, તા.૧૪ ।

ઈંગ્લેન્ડે ભારતના પ્રવાસ માટે ટીમની જાહેરાત કરી દીધી છે. ટેસ્ટ સિરીઝ માટે તેણે ૪ સ્પિનરોને સામેલ કર્યા છે, જેમાંથી એક છે શોએબ બશીર. આ યુવા મિસ્ટ્રી સ્પિનરને લઈને તેના કોચ સિદ્ધાર્થ લાહિડીનું માનવું છે કે સીનિયર ખેલાડીઓની સાથે હોવું તેના શિષ્ય માટે ખુબ ફાયદાકારક રહેશે, પછી તે આ પ્રવાસે રમે કે નહીં. સમરસેટના ૨૦ વર્ષના ઓફ સ્પિનરને અચાનક મંગળવારે ઈંગ્લેન્ડના પસંદગીકારોએ સીનિયર ટીમમાં સામેલ કરી લીધો, ત્યારબાદ બધા તેની ચર્ચા કરી રહ્યાં છે. ૧૩ ઓક્ટોબર ૨૦૦૩ના જન્મેલો શોએબ બશીર ભારતની સ્થિત અનુકૂળ પરિસ્થિતિઓમાં મજબૂર હથિયાર સાબિત થઈ શકે છે. યુવા ઓફ સ્પિનરે ૧૭ વર્ષની ઉંમરમાં સરેની સાથે પોતાના કરિયરની શરૂઆત કરી અને બર્કશાયર અન્ડર-૧૮ માટે રમ્યો હતો. બશીર ત્યારબાદ સમરસેટ તરફથી રમવા ગયો અને ૧૯ વર્ષની ઉંમરે



પ્રથમ શ્રેણીમાં પર્દાપણ કર્યું હતું. તેણે ઈંગ્લેન્ડના દિગ્ગજ એલિસ્ટર કુકને ન માત્ર પરેશાન કર્યો, પરંતુ આઉટ કરી બધાને ચોકાવી દીધા હતા. બાળપણથી તેના કોચ રહેલા લાહિડીએ કહ્યું- આ તેના માટે શાનદાર તક છે. ભલે તેને ભારમાં રમવાની તક ન મળે પરંતુ એક મહત્વપૂર્ણ પ્રવાસ પર સીનિયર ખેલાડીઓની સાથે રહેવું તેના માટે ખુબ ફાયદાકારક રહેશે. લાહિડી સર્રેમાં રોયલ્સ એકેડમીના પ્રમુક છે. તેમણે પીટીઆઈને કહ્યું- મને વિશ્વાસ છે કે થોડા વર્ષ પહેલા ઘણાએ તેના ટેસ્ટ ક્રિકેટ રમવા વિશે નહીં વિચાર્યુ હોય કારણ કે ત્યારે તે ઉંમર વર્ગના ગ્રુપ ક્રિકેટ માટે એક ટીમમાં જગ્યા બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો. તેમણે બશીર વિશે વાત કરતા કહ્યું- તે પોતાના ગ્રુપના બધા ખેલાડીઓથી અલગ હતો કારણ કે ક્યારેક તમે રમતનો આનંદ ઉઠાવવાનું બંધ કરી દો છો અને બહારના મુદ્દા જેમ કે ટીમ પસંદગી, અન્ય ખેલાડીઓ સાથે સ્પર્ધા વગેરે મામલામાં ગુંચવાય જાવ છો.

# IPLમાં યુવા ગુજરાતી ખેલાડી આર્ય દેસાઈ પર રૂપિયાનો વરસાદ થઈ શકે

। મુંબઈ, તા.૧૪ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગના કારણે ઘણા ક્રિકેટરોના નસીબ ચમકી ગયું છે. જો ક્રિકેટરો નેશનલ ટીમમાં સ્થાન બનાવી શકતા નથી તો તેઓ અહીં સારું પ્રદર્શન કરીને પોતાનું નામ કમાય છે. સાથે કમાણી પણ સારી થાય છે. IPL 2024 માટે દુબઈમાં હરાજી થશે. આ માટે તમામ ટીમોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ વખતે હરાજીમાં ઘણા અજાણ્યા ચહેરા ચમકી શકે છે. એવું જ એક નામ છે આર્ય દેસાઈનું. આર્ય ડોમેસ્ટિક ક્રિકેટમાં ગુજરાત માટે રમે છે. IPL ઓક્શન ૨૦૨૪માં ઘણા અનકેપ્ડ ખેલાડીઓ પર ટીમો મોટો દાવ લગાવી શકે છે. આ યાદીમાં આર્યનું નામ પણ સામેલ છે. આર્યાએ તેના વય જૂથમાં ખૂબ સારુ પ્રદર્શન કર્યું છે. તે ડોમેસ્ટિક મેચોમાં ગુજરાત માટે રમે છે. આર્ય ગત સિઝનમાં કોલકાતા નાઈટ રાઈડર્સનો ભાગ હતો. જોકે, તેને હજુ ડેબ્યૂ કરવાની તક મળી નથી. આર્ય આઈપીએલમાં સારો બેકઅપ બની શકે છે. તેણે ઘણી ટીમો માટે ટ્રાયલ પણ આપી છે.

IPL ટીમો હરાજીમાં આર્ય પર મોટો દાવ લગાવી શકે છે. આર્યને હરાજીના સેટ નંબર ૧૬માં સામેલ કરવામાં આવ્યો છે. તે ઓલરાઉન્ડર ખેલાડી છે. બેટિંગની સાથે આર્ય સ્પિન બોલિંગ પણ કરે છે. આર્યની બેસ પ્રાઈસ ૨૦ લાખ રૂપિયા રાખવામાં આવી છે. કોલકાતાની નજર ફરી એકવાર આર્ય પર પડી શકે છે.

# એક પણ મેચ હાર્યા વિના ફાઈનલમાં પહોંચીને હરિયાણાએ ઈતિહાસ રચ્યો



। નવી દિલ્હી, તા.૧૪ ।

હરિયાણાની ક્રિકેટ ટીમ વિજય હજારે ટ્રોફી ૨૦૨૩ના ફાઈનલમાં પહોંચી ગઈ છે. હરિયાણાએ ડોમેસ્ટિક ક્રિકેટમાં રમાનાર ૫૦ ઓવરની આ ટુર્નામેન્ટમાં પ્રથમ વખત ફાઈનલ માટે ક્વાલિફાઈ કર્યુ છે. અશોક મેનારિયાના નેતૃત્વમાં હરિયાણાની ટીમે સેમિફાઈનલમાં તમિલનાડુને ૬૩ રનથી હરાવ્યું હતું.

હરિયાણાએ ગ્રુપ સ્ટેજની મેચોમાં શાનદાર પ્રદર્શન કરતા અનુક્રમે ઉત્તરાખંડ, બિહાર, ચંદીગઢ, મિઝોરમ, દિલ્હી, કર્ણાટક અને જમ્મુ-કાશ્મીરને હરાવ્યા હતા. આ પછી હરિયાણાએ ક્વાર્ટર ફાઈનલમાં બંગાળને હરાવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી હતી. ત્યારબાદ સેમિફાઈનલમાં તમિલનાડુને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે.

વિજય હજારે ટ્રોફી ૨૦૨૩ની ફાઈનલ મેચ ૧૬ ડિસેમ્બરના રોજ રાજકોટમાં રમાનાર છે. હરિયાણા અને તમિલનાડુ વચ્ચે રમાયેલી સેમિફાઈનલ મેચ પણ રાજકોટમાં જ રમાઈ હતી. આજે રાજસ્થાન અને કર્ણાટક વચ્ચે બીજી સેમિફાઈનલ મેચ રમાશે. બીજી સેમિફાઈનલ મેચ જીતનારી ટીમની ફાઈનલમાં હરિયાણા સાથે ટક્કર થશે.

હરિયાણાએ સેમિફાઈનલમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા હરિયાણાની ટીમે ૫૦ ઓવરમાં ૭ વિકેટના નુકસાને ૨૯૩ રન બનાવ્યા હતા. હરિયાણા તરફથી હિમાન્શૂ રાણાએ ૧૧ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૧૧૬ રન બનાવ્યા હતા. તે ઉપરાંત ઓપનર યુવરાજ સિંહે ૭ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૬૫ રનની શાનદાર ઈનિંગ રમી હતી. જવાબમાં ટાર્ગેટની પીછો કરવા મેદાન પર ઉતરેલી તમિલનાડુની ટીમ ૪૭.૧ ઓવરમાં ૨૩૦ રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. આ દરમિયાન હરિયાણા માટે અંશુલ કંબોજે સૌથી વધુ ૪ વિકેટ ઝડપી હતી. જયારે રાહુલ તેવાટિયાએ ૨ વિકેટ અને સુમિત કુમાર, નિશાંત સિંધૂ અને હર્ષલ પટેલે ૧-૧ વિકેટ ઝડપી હતી.

ઈન્દ્રજીત ભલે આઉટ થઈ ગયો અને તેની ટીમ ૬૩ રનથી હારી ગઈ હોય પરંતુ તે જે જુસ્સા સાથે રમ્યો તે ખરેખર વખાણ કરવાના લાયક છે. બાબા ઈન્દ્રજીતે તેના જુસ્સાથી ભારતીય ટીમના પૂર્વ સ્પિનર અનિલ કુંબલેની યાદ અપાવી હતી. વર્ષ ૨૦૦૨માં કુંબલેએ તૂટેલા જડબા સાથે વેસ્ટ ઈન્ડિઝ સામે બોલિંગ કરી હતી. તે મેચમાં અનિલે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ બેટ્સમેન બ્રાયન લારાની વિકેટ લીધી હતી.

### અલ્હાબાદ હાઈકોર્ટનો મોટો નિર્ણય

# મથુરામાં શાહી ઈદગાહ સંકુલના એએસઆઈ સર્વેને મંજૂરી અપાઈ

### શાહી ઇદગાહ સંકુલના સર્વે માટે કોર્ટની દેખરેખ હેઠળ એડવોકેટ કમિશનરની નિમણૂકની માગણી કોર્ટે સ્વીકારી

। અલ્લાહબાદ, તા.૧૪ ।

અલ્હાબાદ હાઈકોર્ટે મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિરની બાજુમાં આવેલા શાહી ઈદગાહ સંકુલના એએસઆઈસર્વેને મંજૂરી આપી છે. શાહી ઈદગાહ સંકુલના સર્વે માટે કોર્ટની દેખરેખ હેઠળ એડવોકેટ કમિશનરની નિમણૂક કરવાની માગણી કોર્ટે સ્વીકારી લીધી છે.

મથુરાની શાહી ઈદગાહ મસ્જિદના મુદ્દે અલ્હાબાદ હાઈકોર્ટનો મોટો નિર્ણય આવ્યો છે જેમાં મથુરાની શાહી ઈદગાહ મસ્જિદ પર એએસઆઈસર્વેને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત હાઈકોર્ટે સર્વેની મંજુરી સાથે ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરવા પણ જણાવ્યું છે. મથુરામાં શ્રી કૃષ્ણના જન્મસ્થળને અડીને આવેલી મસ્જિદમાં એડવોકેટ પાસેથી સર્વે કરાવવાની માંગણી કરવા માટે ૧૮ અલગ-અલગ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. અલાહાબાદ હાઈકોર્ટે એક સાથે સુનાવણી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે અલ્હાબાદ હાઈકોર્ટમાં એએસઆઈસર્વેની માંગણી કરતી અરજી કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે મસ્જિદના સ્તંભના પાયામાં હિન્દુ ધર્મનું પ્રતીક છે જે મંદિરની



કોતરણીમાં સ્પષ્ટ દેખાય છે. હિન્દુ પક્ષના વકીલ વિષ્ણુ જૈને કહ્યું કે અમે એડવોકેટ કમિશનરની નિમણૂક જારી કરી રહ્યા છીએ. કોર્ટે શાહી ઈદગાહ સંકુલના એએસઆઈસર્વેને મંજૂરી આપી છે. જોકે એએસઆઈસર્વે ક્યારે થશે અને તેમાં કેટલા લોકો ભાગ લેશે તે બધું ૧૮મી ડિસેમ્બરના રોજ નક્કી થશે. શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું છે. ટ્રસ્ટના મુખ્ય પક્ષકાર ભૃગુવંશી આશુતોષ પાંડેએ કહ્યું કે આ કરોડો હિન્દુઓની આસ્થાનો મામલો છે. ભગવાન ફક્ત આપણા છે. અયોધ્યા અમારી બની ગઈ છે અને હવે મથુરાનો વારો છે. આ મામલે શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટે કહ્યું કે તે અગાઉ સુપ્રીમ કોર્ટમાં ગયા હતા. સુપ્રીમ કોર્ટે ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ કહ્યું હતું કે તમારે હાઈકોર્ટમાં જવું જોઈએ ત્યા તમારી સુનાવણી થશે.

મથુરાની કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ મસ્જિદ વિવાદને લઈને હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ મયંક કુમાર જૈને ૧૬ નવેમ્બરે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. આ અરજી ઓર્ડર ૨૬ નિયમ ૯ હેઠળ દાખલ કરવામાં આવી હતી. શાહી ઈદગાહ મસ્જિદે કોર્ટમાં પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. આ અરજી ભગવાન શ્રી કૃષ્ણ વિરાજમાન' અને અન્ય ૭ લોકોએ એડવોકેટ હરિ શંકર જૈન, વિષ્ણુ શંકર જૈન, પ્રભાષ પાંડે અને દેવકી નંદન દ્વારા અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને એએસઆઈસર્વેની માંગ કરી હતી. અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભગવાન શ્રી કૃષ્ણનું જન્મસ્થળ મસ્જિદની નીચે છે અને એવા ઘણા ચિહ્નો છે જે સાબિત કરે છે કે મસ્જિદ એક હિન્દુ મંદિર હતું. એડવોકેટ વિષ્ણુ શંકર જૈનના જણાવ્યા અનુસાર, 'અરજીમાં અલ્હાબાદ હાઈકોર્ટ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી હતી કે ત્યાં કમળના આકારનો સ્તંભ છે જે હિંદુ મંદિરોની વિશેષતા છે.

# ચાલો હવે સૂર્ય, સમય અને સદગુરુ, આ ત્રિપરિમાણીય સત્યને સમજી, સ્વીકારી અને જીવન રાહ અજવાળી એ!

## તંત્રી લેખ...

## સંસદમાં જે થઈ ગયું તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે

કેટલીક તારીખો પોતાની સાથે ઈતિહાસ લઈને આવે છે. ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ ઈતિહાસમાં એક કાળો અધ્યાય નોંધાયો હતો. જ્યારે દેશના લોકતંત્ર પર સૌથી મોટી આતંકી હુમલો થયો હતો. ફક્ત ૪૫ મિનિટમાં પાંચ આતંકવાદીઓએ દેશની સંસદને ઘાયલ કરી દીધી હતી. એ સંસદ હુમલાની ૨૨મી વરસીએ દેશના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પીએમ મોદી, લોકસભા સાંસદ ઓમ બિરલા, અમિત શાહ, મલ્લિકાર્જુન ખડગે સહિત કેટલાય સાંસદોએ શહીદોને શ્રદ્ઘાંજલિ આપી અને આ જ દિવસની બપોરે લોકસભામાં સુરક્ષામાં ભારે ચૂક જોવા મળી. સંસદમાં આજે એ થઈ ગયું જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. નવી સંસદમાં શિયાળુ સત્રની કાર્યવાહી ચાલી રહી હતી. લોકસભામાં પશ્ચિમ બંગાળના માલ્દોહ ઉત્તરથી ભાજપ સાંસદ સ્વગેન મુર્મૂ ભાષણ આપી રહ્યા હતા. સભાપતિની ખુરશી પર ભાજપ સાંસદ રાજેન્દ્ર અગ્રવાલ બેઠા હતા. ત્યારે જ અચાનક દર્શક ગેલેરીમાંથી કોઈના કૂદવાનો અવાજ આવ્યો. તમામ સાંસદો ચોંકી ગયા. કોઈ કશું સમજી શકે એ પહેલાં યુવક એક બેંચ પરથી બીજી બેંચ પર કૂદતો ગયો. તેણે પોતાના જૂતામાંથી કંઈક કાઢ્યું અને તેમાંથી પીળા ધૂમાડા નીકળવા લાગ્યા. આખા પરિસરમાં ધૂમાડો ફેલાઈ ગયો. ચારેબાજુ અફરાતફરીનો માહોલ વ્યાપી ગયો. જોકે બસપાના સાંસદ મલૂક નાગરે યુવકને દબોચી લીધો. અસલમાં બે યુવકો સંસદમાં ઘૂસી ગયા હતા. એકને હનુમાન બેનીવાલે ઝડપી લીધો હતો. પરંતુ સંસદ પર હુમલાની ૨૨મી વરસીએ સંસદની સુરક્ષામાં આ ગંભીર ચૂક ગણવી જોઈએ. ઉલ્લેખનીય છે કે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ પન્નુએ એક વીડિયો જારી કરીને ધમકી આપી હતી કે મારી હત્યા કરવાની કોશિશ જે નિષ્ફળ રહી. ૧૩ ડિસેમ્બરે સંસદ ભવન પર હુમલો કરીને હું તેનો જવાબ આપીશ. સરકારે આ ધમકીને ગંભીરતાથી લેવી જોઈતી હતી અને સંસદની સુરક્ષામાં વધારો કરવો જોઈતો હતો. જોકે આ બે યુવકોનો હેતુ શું હતો એ જાણી નથી શકાયો. તેમને અટકાયતમાં લેવામાં આવ્યા છે. તેમની સાથે સંસદની બહાર પ્રદર્શન કરતા બે વ્યક્તિની પણ અટકાયત કરવામાં આવી છે. તેમાં એક યુવક અને એક યુવતી હતા, જેમણે પણ સ્મોક ગનનો ઉપયોગ કર્યો હતો. આ ઘટના બેહદ ગંભીર છે, કારણ કે સંસદ પર આતંકી હુમલાની આ ૨૨મી વરસી હતી અને એ જ દિવસે આ પ્રકારની સુરક્ષા ચૂક હેરાન કરનારી છે. સદનમાં ઘૂસનારા યુવકો એક સાંસદના લેટર પર ગેસ્ટ તરીકે પાસ લઈને દર્શક ગેલરીમાં આવ્યા હતા. સદનની અંદર અને બહાર પ્રદર્શન કરનાર શખ્સોએ નારેબાજી પણ કરી હતી. હવે સરકારની જવાબદારી છે કે તેઓ આ તત્ત્વોનો મૂળ હેતુ જાણે અને તેમના આકાઓની તપાસ કરે. જોકે સદનમાં કરાયેલ આ હુમલો સરકારનાં સુરક્ષા વ્યવસ્થાનાં બણગાંની પોલ ખોલે છે એટલું તો નક્કી.

## કોંગ્રેસને પરેશાની

ત્રણ રાજ્યોમાં કોંગ્રેસની કારમી હાર બાદ પાર્ટી આઘાતમાં છે. પાર્ટીની સૌથી ખરાબ હાર મધ્ય પ્રદેશમાં થઈ, જ્યાં તેની સત્તામાં વાપસીને લઈને કોઈ શંકા ન હતી. તાજપોશીની પૂરતી તૈયારી થઈ ચૂકી હતી કે અચાનક ભાજપની સુનામી આવી ગઈ. જેટલી સીટો ભાજપને મળી, તે અનપેક્ષિત આંકડો છે. કોંગ્રેસને પરેશાની એટલે છે, કે તેણે પ્રતિદ્વંદ્વીની આવી જીતની આશા સહેજ પણ નહોતી રાખી. તેને અનુમાન હતું કે મુકાબલો કાંટેદાર ચોક્કસ છે, પરંતુ કોંગ્રેસ બાજી મારીને સરકાર બનાવવા લાયક બહુમતી મેળવી લેશે. પરંતુ જે થયું તેણે પ્રદેશ નેતૃત્વને આત્મમંથન કરવા મજબૂર કરી દીધું. હવે હારનાં કારણો શોધવા માટે મંથન થઈ રહ્યું છે. જોવામાં આવે તો તેનો કોઈ મતલબ નથી રહ્યો, જે થવાનું હતું તે થઈ ગયું. હવે આવનાર પાંચ વર્ષ સુધી ભાજપ જ મધ્ય પ્રદેશની સત્તામાં રહેશે અને કોંગ્રેસ વિપક્ષની ભૂમિકામાં! કમલનાથ છેલ્લા ૬ વર્ષથી મધ્ય પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ છે. પાર્ટી તરફથી તેઓ જ મુખ્યમંત્રીનો ચહેરો પણ હતા. પરંતુ ચૂંટણી પરિણામોએ ભાજપને અવ્વલ સાબિત કરી દીધી. તેને ૧૬૩ સીટો મળી અને કોંગ્રેસને માત્ર ૬૬ સીટ. આ ચૂંટણીમાં ભાજપને પાછલી ચૂંટણીના મુકાબલે ૫૭ સીટોનો ફાયદો થયો. ઈન્દોર, જબલપુર, ગ્વાલિયર, રતલામ, સાગર, દમોહ અને ખંડવા જેવા શહેરી ક્ષેત્રોમાં જે રીતે કોંગ્રેસની હાર થઈ, તે સૌથી વધુ ચિંતાની વાત છે. આ શહેરોમાં પાર્ટીનો સંપૂર્ણ સફાયો થઈ ગયો. જ્યાં સુધી હારનાં કારણોનો સવાલ છે, તો કમલનાથનો સોફ્ટ હિંદુત્વનો ચૂંટણી પ્રયોગ સંપૂર્ણ રીતે અસફળ રહ્યો. કોંગ્રેસ પર ભાજપે હિંદુ વિરોધી હોવાનો આરોપ લગાવ્યો, જેનો જવાબ આપવા માટે કમલનાથે ધાર્મિક આયોજનો પર ધ્યાન આપ્યું. હનુમાન જયંતી પર પાર્ટી ઓફિસમાં જ પૂજાપાઠ કરાવ્યા. પાર્ટીમાં 'ધાર્મિક અને ઉત્સવ વિભાગ'ની રચના સાથે ધાર્મિક કાર્યક્રમ કરાવ્યા. પરંતુ તેનાથી હિંદુઓમાં પકડ બની નહીં અને મુસ્લિમ મતદારો નારાજ થઈ ગયા. જો કોંગ્રેસની હારનાં કારણોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવે તો એવાં કેટલાંય કારણો સામે આવશે, જે ભાજપની જીતને સાચી સાબિત કરે છે. કોંગ્રેસની હારનાં કારણોમાં આધેડ ઉંમરના કમલનાથ અને દિગ્વિજય સિંહની મોટી ભૂમિકા રહી. કમલનાથ ભલે ૬ વર્ષથી પ્રદેશ અધ્યક્ષ રહ્યા હોય, પરંતુ તેઓ જન નેતા નથી. તેઓ રણનીતિ બનાવી શકે છે, પરંતુ તેને અમલ કેવી રીતે કરવામાં આવે, તે નથી જાણતા. તેમનામાં એક કમજોરી સંપર્કની પણ છે. પાર્ટીના કાર્યકર્તા તો છોડો, ધારાસભ્યો સુદ્ઘાંએ તેમને મળતાં પહેલાં કેટલીય ઔપચારિકતાઓ નિભાવવી પડે છે. આ જ કારણ છે કે તેમને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષને બદલે કોર્પોરેટ કંપનીના મેનેજર વધુ કહેવામાં આવે છે. નિશ્ચિતપણે ચૂંટણીમાં તેમની આ આદત પાર્ટી માટે મુશ્કેલી બની છે. આ તેમની સંગઠનાત્મક ખામી જ કહેવામાં આવશે કે તેઓ કોંગ્રેસને એ હાલતમાં લઈ આવ્યા, જ્યાંથી તેના આગળ વધવાની તમામ સંભાવનાઓ જ ખતમ થઈ ગઈ. આ જ સ્થિતિ દિગ્વિજય સિંહની પણ છે, તેઓ પાર્ટી કાર્યકર્તાઓ પર ગુસ્સે ભરાતા જ વધુ દેખાયા. આ બંને નેતાઓને કારણે પાર્ટીમાં નવી લીડરશિપને આગળ આવવાનો મોકો ન મળ્યો. આ વખતે મોટાભાગના યુવા નેતા ચૂંટણી હારી ગયા, ત્યારબાદ ભવિષ્યની સંભાવના પણ ખતમ થઈ ગઈ. મધ્ય પ્રદેશમાં ભાજપની જીત એટલી મહત્ત્વની નથી, જેટલી કોંગ્રેસની હાર. ભાજપની જીતમાં લાડલી બહના, સનાતનનો મુદ્દો, સાંસદોનું વિધાનસભા ચૂંટણીમાં ઉતરવું અને વડાપ્રધાન મોદીની 'ગેરંટી' સહિત કેટલાંય કારણ ગણાવી શકાય છે. પરંતુ કોંગ્રેસની હારનું માત્ર એક જ કારણ દેખાય છે કે પ્રદેશમાં પાર્ટીનું નેતૃત્વ વૃદ્ઘ, નિસ્તેજ અને અડિયલ રહ્યું. યુવા નેતાઓને ચૂંટણી અભિયાનમાં સામેલ ન કરવામાં આવ્યા.



## સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)





હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.સર્વ મંગલ માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે, શરણ્ય ત્રંબક્યે ગૌરી નારાયણી નમોસ્તુતે. આ શ્લોક પ્રમાણે હર ઘડી શુભ મંગલ ની વર્ષા કરી રહી છે! પણ હાલની પરિસ્થિતિ મુજબ હર ઘડી શુભની ભાવના કેમ રાખી શકાય! જોકે કોઈપણ ઘટનામાંથી શુભ તારવું હોય તો અસ્તિત્વનો કુંભ મંગલની વર્ષા કરી રહ્યો છે, પણ આપણી દ્રષ્ટિની મર્યાદા હોવાથી આપણે એ જોઈ શકતા નથી! એવા નિષ્કર્ષ પર આવવું પડે, અને જીવનની રાહ ઉજાળવી પડે. સદગુરુ જીવનને શુભ બનાવવા તત્પર છે, અને આજે આપણે આવા ભાવનો સંદર્ભ લઈને તરાને કી તર્જ જીવન કા અર્કમાં આગળ ચિંતન કરીશું.

૧૯૫૯ માં બનેલી જીને કી રાહ, ફિલ્મનું આ ગીત છે જીતેન્દ્ર અને તનૂજાએ આ ફિલ્મમાં મુખ્ય કિરદાર નિભાવ્યો હતો, મહમદ રફી દ્વારા આ ગીત ગવાયું હતું,તેમજ ફિલ્મના સંગીતકાર લક્ષ્મીકાંત-પ્યારેલાલ અને ગીતના શબ્દો આનંદ બક્ષી સાહેબના છે.

આપણે આપણા જીવનમાં આવતી સમસ્યાને અજવાળવા કવિ એ લખ્યા મુજબ કોઈ એક બંજારા પાસેથી શીખ લેવી પડે કે, જેણે પોતે આ કાર્ય સંભવ કર્યું છે. લોકો ત્રણ સ્તરે પોતાના જીવન અજવાળી શકે અથવા તો ત્રણમાંથી શીખ લઈ અને જીવનની રાહ અજવાળી શકે! તો કવિ એ લખ્યા મુજબ જીવનમાં કોઈ સતત આપણને જીવનની રાહ તરફ આંગળી ચીંધી રહ્યું છે, અને એનામાં કાગળના ફૂલમાં પણ સુગંધ ભરવાની ક્ષમતા છે. કોઈ કોઈ વાર જીવનમાં એવી ઘટના ઘટે કે એમાંથી ઉપર ઉઠવું બહુ મુશ્કેલ થાય, પણ અહી જન્મ મૃત્યુ ને સ્વીકારવું પડે.

કોઈ કોઈવાર અંગત સ્વજનનું મૃત્યુ, બધા જ શાશ્વત સત્યો જાણવા છતાં સ્વીકારી શકાતું નથી. કોઈવાર કોઈ ગંભીર બીમારી થાય એક્સિડન્ટ થાય, કે શરીરનું અંગ ચાલ્યું જાય અથવા સ્વજન એ રીતે પીડાતું હોય, ત્યારે પણ સંજોગો વિપરીત લાગે. કોઈ વાર કોઈ દગો કરે, વિશ્વાસઘાત કરે, તો એ પરિસ્થિતિમાંથી પણ ઉપર ઊઠવું બહુ મુશ્કેલ લાગે. પરંતુ સમય દરેક દર્દની દવા છે, એવી આપણે ત્યાં એક કહેવત છે, અને સમય છે વીતી જશે! એવી એક હૈયાધારણા લઈ અને આપણે જીવનમાં ઉપર ઊઠવાની કોશિશ કરતા હોઈએ છીએ, કામયાબ પણ થતા હોઈએ છીએ, અને ફરી પાછું જીવન સામાન્ય થઈ જીવતા હોઈએ છીએ. એટલે એક બંજારા તરીકે આપણે સમયને પણ લઈ શકીએ, એ જ રીતે સૂર્ય છે એ રોજ ઉદય થાય છે, વળી પાછો અસ્ત થાય છે,

વળી ઉદય થાય છે. એટલે કે સૂર્ય સૌના જીવન પ્રકાશિત કરે છે, છતાં તેને અસ્ત થવું પડે છે, અને ફરી પાછું ઉદય થવું પડે છે, એ નિરંતર સત્ય તરીકે આપણી સમક્ષ રહી શકતો નથી. જોકે તેનો અસ્ત એક ભૌગોલિક ઘટના છે, પણ આપણી સામે તો આજ સત્ય છે. એટલે ક્યારેક ક્યારેક પ્રકાશિત થવા માટે, કે કોઈના પ્રકાશિત વ્યક્તિત્વને ગુમાવ્યા બાદ, આવું આશ્વાસન લઈ આપણે ઉપર ઉઠતા હોઈએ છીએ. તો સમય કે સૂર્ય પણ જો આપણને શીખ આપી શકતા ન હોય, અથવા તો આપણે એમાંથી કંઈ ગ્રહણ કરીને જીવન અજવાળી શકતા હોઈએ નહીં, તો કોઈ નિશ્ચિત જગ્યાએ શરણાગત થવાથી પણ આપણા પ્રશ્નોનો હલ નીકળતો હોય છે, અને જીવન એક નવા આયામમાં પ્રવેશે એવું પણ બને. આપણી આજ સુધીની તમામ ફરિયાદો, તકલીફો, પીડા તેમજ રહસ્યને સદગુરુ ઉકેલે છે, અને એક બોઝ રહિત નિર્મળ જીવન બનાવે છે. આપણા જીવનમાં જે આજ સુધી સંઘર્ષ હતો, એ આપણા જ અમુક આગ્રહ કે અહમને કારણે હતો, એવું સત્ય પણ તે સમજાવે છે. પરંતુ અહીં મૂળમાં એક વાત એ છે કે, આપણી અદમ્ય ઈચ્છા હોવી જોઈએ કે આપણે હવે આવું જીવન નથી જીવવું. આપણે કંઈક સારું કરવું છે, અથવા તો સારા કાર્યના નિમિત્ત બનવું છે. ઘટી રહેલી ઘટના માટે આપણા હ્રદયમાં પીડ હોવી જોઈએ, કે આવું શું કામ થાય છે! સતત આવી સંવેદનાનું ઝરણ વહેવું જોઈએ, કે ના હું મારા જીવનના અંત પહેલા આ માનસિકતા માંથી બહાર આવીને જ રહીશ, એવો સંકલ્પ પણ કરવો પડે, તોજ અલૌકિકતાનો સૂર્ય ઉદય પામે, અને એવું થાય પણ ખરું! પરંતુ આપણામાં દ્રઢ મનોબળ અને દ્રઢ વિશ્વાસની કમી હોવાથી શક્ય થતું નથી. જેણે જેણે આ દુનિયામાં કોઈ ઉપલબ્ધિ મેળવી છે, કોઈ ધ્યેય સિદ્ધ કર્યું છે, કે લક્ષ્યાંક સુધી પહોંચ્યા છે, એ બધાના મનોબળ દઢ હતાં, એમણે પોતાની આસપાસ ઘટતી ઘટનાઓ માંથી શીખ લીધી હતી, અથવા તો આસપાસ થતી સ્તુતિ નિંદાથી ઉપર ઊઠીને જીવનમાં કંઈક સત્ય હાંસલ કરવા માટે પ્રયત્ન કર્યો હતો, કે પછી કોઈ નિશ્ચિત ઠેકાણે પોતાની જાતને પૂર્ણ સમર્પણ કે શરણાગતિ સ્વીકારીને એ જીવનના તટ પર નિશ્ચિંત થઈ બેસી ગયો હશે. સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા તો ઈચ્છે જ છે , કે એકવાર તું મારા શરણે આવી જા! પછી હું તારું જીવન સંવારીશ ! પરંતુ નથી આપણે સંપૂર્ણ શરણાગત થઈ શકતાં, કે નથી ખુદ ઊઠવાની કોઈ કોશિશ કરતાં. આપણે તો જે છે, તેમાં જ જીવવા ટેવાયેલા છીએ, જ્યાં ફરિયાદની કોઈ જરૂર નથી ત્યાં ફરીયાદ કરીએ છીએ, અને જ્યાં સહન કરવાની કોઈ જરૂર નથી! ફરિયાદનો ભાવ હોવો જોઈએ, કે સમાજમાં આવું કેમ થાય છે? એની માટે ક્યાંક હું પણ કારણભૂત નથી ને? એવા પ્રશ્નો થવા જોઈએ. ત્યાં સહનશક્તિનો આંચળો ઓઢીને આવી ઘટનાઓ પણ સહન કરી લેતા હોઈએ છીએ, માટે કંઈ થઈ શકતું નથી. બાકી સૂર્ય પણ આટલા વર્ષોથી નિરંતર પ્રકાશની સાથે સાથે પોતાનું સત્ય પ્રકાશિત કરી રહ્યો છે, સમય પણ સૌને જગાડવા માટે પ્રવૃત્ત છે, અને સમયને નામે પણ કેટકેટલી કસોટીઓ જીવનમાં આવતી હોય છે, પણ આપણે તેમાં પાસ થવું નથી, અને જીવન છે, આવું તો ચાલે રાખે! એમ સમાધાન લઈ લેતા હોઈએ છીએ. હકીકતમાં જ્યાં જાગવાની જરૂર હોય ત્યાં આવી જ રીતે મોહ નિંદ્રામાં સુતા રહીએ છીએ, અને સદગુરુ એની વિશે તો શું કહીએ!! અંતરમાં માત્ર એક ટીસ ઊઠે, અને એક સ્મરણ થાય, સાત કોઠે દીવા પ્રગટી જાય, એટલી તત્પરતા એ આપણા માટે બતાડે છે. પણ જો જિજ્ઞાસા જ ના થાય, તો સદગુરુ આખરે શું કરે!; ફરી સૂર્યમાં ઉદય થઈ રહ્યો છે,એ હિન્દુ સંસ્કૃતિના ઉત્થાનની આશા જગાડે છે. હવે સૂર્યનો પ્રકાશ વ્યર્થ નહીં જાય! સમયની સુક્ષ્મ હથોડી એ ટીપાઈ ને સહુ સુવર્ણ જેમ પોતાનું જીવન નિખારશે! વિશ્વ શાંતિ માટે વસુધૈવ કુટુંબકમની એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

# દક્ષિણ ગુજરાતમાં વલસાડથી પાંચ કી. મી. ના અંતરે આવેલ તડકેશ્વર મહાદેવનો મહિમા જાણીએ



## વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા





પવિત્ર શ્રાવણ માસમાં આપણે શિવ મહિમાનું રસપાન કરીએ છીએ. પરંતુ આજે માગશર માસ ત્રીજે અચાનક તડકેશ્વર મહાદેવ ને યાદ એટલા માટે કર્યા કે આવતી કાલથી ધનારક કમૂર્તા શરૂ થશે તો આપણે દરરોજ એક મંદિરે દર્શન કરી હિંદુત્વની ભાવનાને ઉજાગર તો કરીએ.પૃથ્વી લોક પર ભગવાન સદા શિવ ભોળાનાથ અજન્મા દેવ છે એટલે જ ભગવાન શિવનું સ્થાપન લિંગ સ્વરૂપે થાય છે. ભગવાન શિવ તો એવા દેવ છે કે જેમણે હંમેશા માણસોની વસ્તીથી અલગ અને એકાંત જગ્યા વધારે પસંદ કરી છે. તેવી જ રીતે તેમના શિવાલયો પણ જંગલ અથવા તો ગામથી થોડા દુર જોવા મળે છે.મહાદેવનાં શણગાર તથા પૂજન વિધિમાં પણ જંગલની કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ જોવા મળે છે. જેમાં વનનાં ફુલો ધતુરો, બીલીપત્ર, રૂદ્રાક્ષ શણગાર તરીકે, શરીર ઉપર ભસ્મનું લેપન, વાહનમાં પોઠીયો, વગાડવામાં ડમરૂં, શરીરે જટાજુટ સર્પોની માળા અને પોશાકમાં હાથી કે વાઘનું ચામડું હોય છે. પૂજન વિધિમાં પાણીનો લોટો અને થોડા બીલીપત્રનાં પાન. શિવને આમ તો મંદિરની પણ જરૂર નથી, પથ્થરનાં ઓટલે, ઝાડની નીચે, ડુંગરની ટોચે પણ ભોળાનાથ બીરાજી જાય છે.ત્યારે આજે તડકેશ્વર મહાદેવ તીર્થનો મહીમા જાણીએ. તડકેશ્વર મહાદેવ મંદિરની ખાસિયત એ છે કે મંદિર ઉપર કોઈ છત નથી તેમજ સૂર્યના કિરણો શિવલિંગ ઉપર પડે છે. જેના કારણે સૂર્યના કિરણો સતત શિવલિંગને સ્પર્શ કરતાં હોવાથી તે તડકેશ્વર મહાદેવના મંદિર તરીકે પ્રસિધ્ધ છે. ૧૯૯૪માં જીર્ણોદ્ધાર કરી ૨૦ ફૂટના ગોળાઈનો ઘુમ્મટ ખુલ્લો બનાવાયો. સ્વયંભૂ પ્રગટેલા શિવલિંગ ના દર્શનાર્થે લોકોની ભારે ભીડ રહે છે. મહાશિવરાત્રિએ અને આમ તો બારેમાસ ભક્તો દૂર દૂરથી દાદાના દર્શનાર્થે આવે છે.તડકેશ્વર મહાદેવ નો મહિમા- કંઈક આવો છે તો આવો તડકેશ્વર મહાદેવના કલમ કાગળ થકી દર્શન કરીએ.

વલસાડના પરા વિસ્તાર અબ્રામા ગામે વાંકી નદીના કિનારે તડકેશ્વર મહાદેવનું અતિ પ્રાચીન શિવાલય આવેલું છે. આશરે આઠસો વર્ષ પુરાણા આ શિવાલયની પૌરાણિક ગાથા અનોખી અને અલૌકિક છે. વર્ષો પહેલાં અહિંના જંગલમાં ગાયો ચરાવતા નિર્દોષ ગોવાળિયા એ એક ગાયને સ્વયંભૂ દૂધની ધારા વહાવતી જોઈ તો તે વિસ્મય પામ્યો હતો. ગામલોકોને જાણ કરતાં તેઓએ તે જગ્યા પર તપાસ કરતાં એક મોટી પથ્થરની શિલા નજરે પડે હતી.ત્યારબાદ આ શિલા પર એક ભક્ત રોજ આવીને દૂધનો અભિષેક કરી જતો હતો.ભોળા શિવજીએ તેને સ્વપ્ન માં આવી જણાવ્યું કે,તું રોજ આ ઘોર જંગલમાં આવીને મારી પૂજા- અર્ચના કરે છે, તારી નિષ્ઠા અને અનન્ય ભક્તિ થી હું પ્રસન્ન થયો છું. હવે મને આ કાદવ કીચડમાંથી બહાર કાઢી યોગ્ય જગ્યાએ લઈ જઈ પૂજન કરજે. ભક્તની લાગણીને માન આપી ગામલોકોએ શિલાની આસપાસ ખોદકામ કરતાં સૌના આશ્ચર્ય વચ્ચે છ થી સાત ફૂટ લંબાઈ ઘરાવતું પોઢેલા શિવ જેવા આકારનું લિંગ નજરે પડ્યું હતું. ખૂબ જ સાવચેતી પૂર્વક લિંગ ખાઁડત ન થાય તે રીતે ખોદકામ પૂર્ણ કરાયું હતું. બળદગાડામાં શિલાને લાવી આજના સ્થળે તેમની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ હતી.

તડકેશ્વર મહાદેવ શા માટે મંદિર પર કોઈ છત નથી?

શિવલિંગના રક્ષણ માટે કામ ચલાઉ દિવાલ અને ઉપર ઘાસનું છાપરું બનાવાયું હતું. પરંતુ થોડા દિવસમાં આ છાપરું અચાનક સળગી ગયું હતું. બાદમાં નળિયાવાળું છાપરું બનાવાયું તો તે વાવાઝોડાથી ઉડી ગયું હતું. વારંવાર બનતી આ ઘટના બાદ શિવભક્તને સ્વપ્ન આવ્યું કે હું તડકેશ્વર છું, મારા શીરે કોઈ છાપરું બાંધવાનો પ્રયત્ન ન કરશો. ગામલોકોએ ભક્તની વાત સાચી ગણીની ચારેબાજુ દિવાલ કરી દરવાજા બનાવ્યા પણ ઉપરથી ખૂલ્લું જ રાખ્યું હતું.શ્રાવણમાં એક લાખથી વધુ ભક્તો દર્શનાર્થે આવે છે તડકેશ્વર મહાદેવના મંદિરે દર શ્રાવણ માસ દરમિયાન ભક્તોની ભારે ભીડ રહે છે. શ્રાવણના ચાર સોમવારે ૧૦ હજાર થી વધુ શિવભક્તો ભોળાનાથને શિશ નમાવવા આવે છે. તડકેશ્વર દાદાના દર્શનાર્થે એનઆરઆઈ ભક્તો અચૂક દર્શનનો લાભ લે છે. શ્રાવણ માસમાં દર સોમવારે તડકેશ્વર મહાદેવ મંદિરે વિશાળ મેળો ભરાય છે. જેમાં દૂર દૂરથી લોકો લકઝરી બસ તેમજ ખાનગી વાહનોમાં આવે છે.દાદાનો મહિમા અપરંપાર અને શ્રધ્ધાભેર હોવાથી ભક્તોની ભીડ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આસપાસના જોવાલાયક સ્થળો કલ્યાણ બાગ, જલારામ મંદિર વગેરે જોવાલાયક સ્થળો આવેલાં છે. વલસાડથી ૫ કિમીના અંતરે દરિયાકિનારે પ્રખ્યાત હવા ખાવાનું સ્થળ તિથલ તેમ જ ૩ કિમીના અંતરે પારનેરાનો કિલ્લો જોવા લાયક સ્થળો આવેલાં છે.

આજે માગશર સુદને ત્રીજ શિવાલયમાં લોકો વારે તહેવારે જ આવે છે. સમય કયાં છે. પવિત્ર માગશર માસમાં એક હિન્દુ તરીકે સંકલ્પ કરીએ કે હું એક ટાઈમ એટલે સવારે કે સંધ્યાકાળે જયાં હોઈશ ત્યાંના નજીકના એક મંદિર કે શિવાલયમાં જઈશ.આજ શ્રેષ્ઠ ઉપાસના આરાધના અભિષેક કર્યો કહેવાશે. સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે.

# મદ્રાસ હાઈકોર્ટે પૂછ્યું : હિંદુ નેતાની હત્યાનું કાવતરું UAPA હેઠળ આતંકવાદી કૃત્ય છે?

## આસિફ મુસ્તાહીનના જામીન નકારવાના આદેશ સામે દાખલ કરવામાં આવેલી અપીલ પર કોર્ટે શરતી જામીન મંજૂર કર્યા



। નવી દિલ્હી, તા.૧૪ ।

મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં તમિલનાડુ પોલીસ દ્વારા ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ ધરપકડ કરાયેલા એક વ્યક્તિને જામીન આપ્યા હતા. આ વ્યક્તિની ગયા વર્ષે તમિલનાડુ પોલીસે ધરપકડ કરી હતી છેલ્લા એક વર્ષથી જેલમાં બંધ હતો. કોર્ટની સુનાવણી દરમિયાન આરોપીને જામીન આપતી વખતે જસ્ટિસ એસએસ સુંદર અને સુંદર મોહનની ખંડપીઠે એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું હિંદુ ધાર્મિક નેતાની હત્યાનું કાવતરું UAPA હેઠળ વ્યાખ્યાયિત આતંકવાદી પ્રવૃત્તિ તરીકે લાયક ઠરે છે?

ફરિયાદ પક્ષે દાવો કર્યો હતો કે આરોપી આસિફ મુસ્તાહીને કેટલાક હિંદુ ધાર્મિક નેતાઓ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સભ્યોની હત્યાનું કાવતરું ઘડ્યું હતું અને તેથી UAPAની કલમ ૧૮ અને ૩૮(૨) હેઠળ વ્યાખ્યાયિત કરાયેલ આતંકવાદી પ્રવૃત્તિ કરી હતી.

**કોર્ટેએ પૂછ્યું શું હિન્દુ નેતાની હત્યાને આતંકવાદી કૃત્ય કહી શકાય?**

હાઈકોર્ટે જણાવ્યું કે UAPA કલમ ૧૮ હેઠળના ગુનાનો સંબંધ ધરાવે છે, અપીલકર્તા ભાજપ સાથે સંકળાયેલા હિંદુ ધાર્મિક નેતાઓ વિરુદ્ધ ભારતમાં આતંકવાદ આચર્યો છે. એક કૃત્ય કરવાનું ઘડ્યું. તે પુરાવા દર્શાવે છે. કાવતરું અમુક ધાર્મિક નેતાઓ પર હુમલો કરવાનું હતું. સત્તાવાળાઓએ સમજાવ્યું નથી. UAPA કલમની ૧૫ હેઠળ વ્યાખ્યાયિત કરાયેલ આતંકવાદી કૃત્ય કેવી રીતે ગણાશે.?

**હિંદુ નેતાઓની હત્યાને આતંકવાદી કૃત્ય તે પ્રશ્ન વિવાદાસ્પદ**

ભારત કે વિદેશમાં લોકોના કોઈપણ વર્ગમાં આતંક ફેલાવવાની શક્યતા છે. હિંદુ ધર્મગુરુઓની હત્યાને આતંકવાદી કૃત્ય ગણી શકાય કે કેમ તે પ્રશ્ન વિવાદાસ્પદ છે. ફરિયાદી દ્વારા એકત્રિત કરવામાં આવેલા પુરાવા આપવામાં આવ્યા છે. કોઈ નિશ્ચિતપણે એવું નિષ્કર્ષ લઈ શકતું નથી કે આતંકવાદી કૃત્ય કરવાનું કાવતરું હતું, જો કે ગંભીર ગુનાઓ સહિત અન્ય ગેરકાયદેસર કૃત્યો કરવાનું કાવતરું છે.

ફરિયાદ પક્ષે કોર્ટમાં દલીલ કરી હતી કે આરોપી ISનો સભ્ય બનવા માંગતો હતો અને તે અન્ય આરોપીની નજીક ગયો હતો, જે આતંકવાદી સંગઠનનો સભ્ય હતો. ફરિયાદ પક્ષે આરોપ લગાવ્યો હતો કે બંનેએ ભાજપ અને આરએસએસ સાથે સંકળાયેલા હિંદુ ધાર્મિક નેતાઓની હત્યા કરવાની યોજના બનાવી હતી.

હાઈકોર્ટે કહ્યું કે, ફરિયાદ પક્ષ દ્વારા એકત્રિત કરવામાં આવેલી સામગ્રી દોષિત ઠરાવી શકે છે, અટકાયત ટ્રાયલ પેન્ડિંગ અનિશ્ચિત હોઈ શકે નહીં. કોર્ટે કહ્યું કે, પુરાવા ક્યાંય સૂચવે નથી કે આરોપી ISમાં જોડાયો હતો અને બીજો આરોપી આતંકવાદી જૂથનો સભ્ય હતો. કોર્ટે આરોપીને ઈરોડમાં રહેવા અને આગામી આદેશ સુધી દરરોજ સવારે ૧૦.૩૦ વાગ્યે ટ્રાયલ કોર્ટમાં હાજર રહેવાના નિર્દેશો સાથે શરતી જામીન મંજૂર કર્યા હતા.

### આસામમાં ૧૨૮૧ મદરેસા કાયમ માટે બંધ કરાયા

# સરકારે ૧૨૦૦થી વધુ મદરેસાના નામ બદલીને એમઈ સ્કૂલ કર્યા



। ઈમ્ફાલ, તા.૧૪ ।

અસામ સરકારના એક આદેશમાં કહેવામાં આવ્યું છે કે રાજ્ય સરકારની મંજૂરી મુજબ ૧૨૦૦થી વધુ મદરેસાઓનું નામ તાત્કાલિક અસરથી એમઈસ્કુલ તરીકે ઓળખવામાં આવશે. આસામ સરકારે ગઈકાલે એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું જેમાં રાજ્યના ૩૧ જિલ્લાઓમાં ૧૨૮૧ મદરેસાઓના નામ બદલીને તેમને પ્રાથમિક શિક્ષણ નિયાકની હેઠળની નિયમિત શાળાઓમાં ફેરવવામાં આવ્યા છે. આ અંગેનો રાજ્યના શિક્ષણમંત્રી પ્રધાન રનોજ પેગુએ આદેશ જાહેર કર્યો હતો. તેણે સોશ્યલ મીડિયા પર નવી શાળાઓની યાદી શેર કરી હતી અને સાથે લખ્યું હતું કે માધ્યમિક શિક્ષણ બોર્ડ (સેબા) હેઠળના તમામ સરકારી અને પ્રાંતીય મદરેસાઓને સામાન્ય શાળાઓમાં ફેરવવાના પરિણામે શાળા શિક્ષણ વિભાગે ૧૨૮૧ મદરેસાઓના નામ બદલીને મિડલ ઈંગ્લિશ (એમઈ) સ્કુલ રાખવામાં આવ્યું છે. આસામ સરકારે જાન્યુઆરી ૨૦૨૧માં એક કાયદો પસાર કર્યો હતો જેમાં રાજ્યની તમામ સરકારી મદરેસાઓને નિયમિત શાળાઓમાં ફેરવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આનાથી પ્રાઈવેટ મદરેસા સિવાય ૭૩૧ મદરેસા અને અરબી કોલેજોને અસર થઈ હતી, જે સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ આસામ (સેબા), આસામ હાયર સેકન્ડરી એજ્યુકેશન કાઉન્સિલ (એએચએસઈસી) અને સ્ટેટ મદરેસા એજ્યુકેશન બોર્ડ હેઠળ હતા. ઉલ્લેખનીય છે કે આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માએ આ વર્ષે જ કર્ણાટકમાં એક રેલીને સંબોધન કરતી વખતે દાવો કર્યો હતો કે તેમની સરકારે ૬૦૦ મદરેસાને બંધ કરી દીધા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે રાજ્યના તમામ મદરેસાઓ બંધ કરવામાં આવશે.

### અમદાવાદ શહેર અને જિલ્લામાં સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં નોંધપાત્ર લોકોએ કરાવ્યું રજિસ્ટ્રેશન

# અમદાવાદ મહાનગરપાલિકામાં રજિસ્ટ્રેશનના અકલ્પનીય આંકડા, કુલ ૧,૦૮,૫૬૨ લોકોએ સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લેવા માટે તૈયારી દર્શાવી

। અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ વખત સૂર્ય નમસ્કાર સ્પર્ધા વર્ષ ૨૦૨૩-૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સહયોગથી તા.૧૯ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન સમગ્ર રાજ્યમાં વિવિધ સ્તરે સૂર્ય નમસ્કાર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેર અને જિલ્લામાં સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લેવા માટે યુવાનો અને લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અલગ અલગ ત્રણ કેટેગરીઓ, જેમાં ૦૯થી ૧૮ વર્ષ, ૧૯થી ૪૦ વર્ષ અને ૪૧ વર્ષથી ઉપરની વયના લોકો દ્વારા ઉત્સાહભેર રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે.

સૂર્યનમસ્કાર સ્પર્ધામાં સહભાગી થવા માટે લોકો દ્વારા કરાયેલા રજિસ્ટ્રેશનના આંકડા જોઈએ તો તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં અમદાવાદ મહાનગરપાલિકામાંથી કુલ ૧,૦૮,૫૬૨ લોકોના રજિસ્ટ્રેશન થયા છે. કેટેગરી વાઈઝ જોઈએ તો વર્ષ ૯થી ૧૮માં કુલ ૮૯,૨૬૪, વય ૧૮થી ૪૦માં ૧૭,૪૭૬ અને ૪૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતી કેટેગરીમાં ૧૭૨૧ લોકો રજિસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. આ રીતે અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૩,૦૦૩ લોકોએ સૂર્ય નમસ્કાર સ્પર્ધા માટે વિવિધ કેટેગરીમાં રજિસ્ટ્રેશન કરાવ્યું છે. અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં પણ નોંધપાત્ર રજિસ્ટ્રેશન જોવા મળી રહ્યું છે.

### એર ઈન્ડિયામાં છ દાયકા બાદ પરિવર્તનનો પવન

# એર ઈન્ડિયાએ કેબિન-કોકપિટ ક્રૂ માટે નવો યુનિફોર્મ તૈયાર કર્યો



। મુંબઈ, તા.૧૪ ।

એર ઈન્ડિયાએ કેબિન અને કોકપિટ ક્રૂ માટે નવો યુનિફોર્મ તૈયાર કર્યો છે જેને મંગળવારે ડિસ્પલે કરવામાં આવ્યો હતો. આ નવા યુનિફોર્મને ફેમસ ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ ડિઝાઈન કરી છે. એરલાઈન્સની ૧૯૩૨માં સ્થાપના થયાના છ દશકામાં પહેલીવાર પોતાના યુનિફોર્મમાં ફેરફાર કર્યા છે. ટાટા ગ્રૂપની આગેવાની હેઠળની એર ઈન્ડિયાએ તેના કેબિન અને કોકપિટ ક્રૂ માટેનો યુનિફોર્મ બદલવામાં આવ્યો છે. આ નવા યુનિફોર્મના લુકને મંગળવારે ડિસ્પલે કરવામાં આવ્યો હતો.

એર ઈન્ડિયાના પોતાના સોશયલ મીડિયા પ્લેટફોર્મ પર સ્ટાફના નવા યુનિફોર્મ સાથે ફોટો પોસ્ટ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ નવા યુનિફોર્મની ડિઝાઈન ભારતના ખ્યાતનામ ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ કરી છે જેમાં એર ઈન્ડિયાના યુનિફોર્મનો ઈતિહાસ દર્શાવવામાં આવ્યો છે. એરલાઈન્સની જાહેરાત મુજબ જ ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ સ્ટાઈલ અને કમ્ફર્ટ બંને આપતાં શૂઝ પણ ડિઝાઈન કર્યા છે. આ નવા યુનિફોર્મમાં એરલાઇનની મહિલા કેબિન ક્રૂ મેમ્બર્સ આધુનિક લુક સાથે ઝરોખા પેટર્નવાળી ઓમ્બ્રે સાડી, બ્લાઉઝ અને વિસ્ટા (એર ઈન્ડિયાનું નવું લોગો આઈકન) સાથે બ્લેઝર પહેરશે, જ્યારે પુરુષો બંધગાલા સૂટ પહેરશે. નવો યુનિફોર્મ નવી અને પરંપરાગત શૈલીના મિશ્રણ સાથે તૈયાર કરવામાં આવ્યો છે.

એર ઈન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આગામી કેટલાક મહિનામાં નવા યુનિફોર્મને તબક્કાવાર રીતે રજૂ કરવામાં આવશે. સૌથી પહેલા તેને એર ઈન્ડિયાના પહેલા એરબસ એ૩૫૦ની સેવામાં લોન્ચ કરવામાં આવશે. એર ઈન્ડિયાએ ૨૫ સપ્ટેમ્બરે સત્તાવાર જાહેરાત કરી હતી કે એર ઈન્ડિયા કેબિન ક્રૂ, પાઈલોટ્સ અને ફ્લાઈટ સ્ટાફ માટે યુનિફોર્મ બદલવા જઈ રહી છે અને આ યુનિફોર્મ પ્રખ્યાત ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઈન કરવામાં આવશે. એર ઈન્ડિયા દ્વારા ડિસ્પલે કરવામાં આવેલ નવો લુક સ્પષ્ટપણે દર્શાવે છે કે દેશની સૌથી જૂની એરલાઈનના સ્ટાફને ખૂબ જ ફેશનેબલ લુક આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જેથી નવી પેઢી તેની સાથે જોડાઈ શકે.

# ડેન્ગ્યુથી હૃદયની કોશિકાઓને પણ નુકશાન પહોંચી શકે છે

। નવી દિલ્હી, તા.૧૪ ।

શિયાળાની શરૂઆત થતા જ મચ્છરનો ઉપદ્રવ વધે છે અને ડેન્ગ્યુના કેસ જોવા મળે છે. મચ્છરના કરડવાથી ફેલાતા આ વાયરસથી ખુબ જ તાવ આવે છે અને શરીરને ખુબ જ નુકશાન પહોંચાડે છે. જેના કારણે તાવ આવવાની સાથે લીવર પર સોજો આવે છે. તેમજ એક નવા રીસર્ચ પરથી જાણવા મળ્યું છે કે ડેન્ગ્યુના કારણે હૃદયની કોશિકાઓને પણ નુકશાન પહોંચે છે. દિલ્હીની એક મેડિકલ કોલેજમાં ડેન્ગ્યુથી પીડિત દર્દીઓ પર એક ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જે દરમ્યાન જાણવા મળ્યું હતું કે ડેન્ગ્યુ વાયરસના ન્યુરો, લીવર અને હાર્ટ સાથે સંબંધિત ગંભીર લક્ષણો જોવા મળે છે. જે હવે એક્સટેન્ડેડ ડેન્ગ્યુ સિન્ડ્રોમ તરીકે ઓળખાય છે. જ્યારે ડેન્ગ્યુ હૃદયને અસર કરે છે, ત્યારે હૃદયના ધબકારા વધવા, હૃદયના સ્નાયુઓમાં સોજો આવી જાય છે. તેમજ ડેન્ગ્યુની સૌથી વધુ અસર હૃદયની નસો પર પડે છે, એટલે કે જ્યારે હૃદયના સ્નાયુઓમાં સોજો આવે છે, ત્યારે હૃદયને લોહી પમ્પ કરવામાં મુશ્કેલી સર્જાય છે. આવી સ્થિતિમાં, હૃદયના ધબકારા પર પણ અસર પડે છે. તેના કારણે દર્દીને છાતીમાં બળતરા અને દુખાવો થવા લાગે છે.

BOLLYWOOD NEWS FLASH

# LOC કારગિલમાં અભિષેક બચ્ચને વિક્રમ બત્રાનો રોલ કર્યો હતો

**ફિલ્મ અભિનેતા અજય દેવગન, ઈશા દેઓલ અને અભિષેક બચ્ચને નિર્દેશક જેપી દત્તાનો આભાર માન્યો**



। મુંબઈ, તા.૧૪ ।

વર્ષ ૨૦૦૩માં રિલીઝ થયેલી ફિલ્મ LOC કારગિલને ૨૦ વર્ષ થઈ ગયા છે. આ ફિલ્મ ૧૨ ડિસેમ્બર ૨૦૦૩ના રોજ રિલીઝ થઈ હતી. આ ખાસ અવસર પર, ફિલ્મની સ્ટાર કાસ્ટ અજય દેવગન, અભિષેક બચ્ચન અને ઈશા દેઓલ ડિરેક્ટર જે.પી. દત્તાનો આભાર માનતી ભાવનાત્મક પોસ્ટ શેર કરી.

ફિલ્મમાં વિક્રમ બત્રાનું પાત્ર ભજવનાર અભિષેક બચ્ચને ફિલ્મના સેટ પરથી કેટલીક યાદગાર તસવીરો શેર કરી અને લખ્યું, સમય કેટલો ઝડપથી પસાર થઈ જાય છે. વિશ્વાસ નથી થતો કે ફિલ્મ LOC કારગિલની રિલીઝને ૨૦ વર્ષ વીતી ગયા છે. આટલા બધા મિત્રો સાથે ફિલ્મ બનાવવી એ ખૂબ જ યાદગાર રહી. પરંતુ ભારતીય સશસ્ત્ર દળોના વાસ્તવિક નાયકોની વાર્તા દર્શાવવી એ તેનાથી પણ મોટી ગર્વની વાત હતી. આભાર જે.પી. મને પસંદ કરવા અને મને આ ફિલ્મનો ભાગ બનાવવા બદલ દત્તા સર.

આ જર્નીમાં બનેલા મિત્રો માટે હું આભારી છું - અજય દેવગન ફિલ્મમાં લેફ્ટનન્ટ મનોજ કુમાર પાંડેની ભૂમિકા ભજવી રહેલા અજય દેવગણે સેટ પરથી કેટલીક તસવીરો પણ શેર કરી છે. આ સાથે તેણે લખ્યું, આ પ્રવાસ, યાદો અને જર્નીમાં મેં બનાવેલા મિત્રો માટે આભારી છું.

ઈશા દેઓલે ફિલ્મ LOC કારગિલમાં વિક્રમ બત્રાની ગર્લફ્રેન્ડ ડિમ્પલની ભૂમિકા પણ ભજવી હતી. ફિલ્મના ૨૦ વર્ષ પૂરા થવા પર ઈશાએ કહ્યું કે આ તેની કારકિર્દીનો સૌથી યાદગાર રોલ હતો.

# નીતુએ કહ્યું કે તેણે તેના પતિને ઘણી વખત ફ્લર્ટ કરતા જોયા છે



। મુંબઈ, તા.૧૪ ।

નીતુ સિંહનો દીકરો રણબીર કપૂર આ દિવસોમાં ફિલ્મ એનિમલ દ્વારા ધૂમ મચાવી રહ્યો છે. પોતાના પુત્રની સફળતાથી ખુશ નીતુ ઘણીવાર તેના પુત્રના સમર્થનમાં વાત કરતી જોવા મળે છે. નીતુ ખુલ્લેઆમ પોતાના મંતવ્યો વ્યક્ત કરે છે અને એક વખત તો તેના પતિ ઋષિ કપૂરના પ્રેમ સંબંધો પર પોતાનો સ્પષ્ટ અભિપ્રાય પણ આપ્યો હતો. તેના શબ્દોએ ઘણો હોબાળો મચાવ્યો, નીતુએ કહ્યું કે તેણે તેના પતિને ઘણી વખત ફ્લર્ટ કરતા જોયા છે. સાથે ફિલ્મ કરતી વખતે ઋષિ કપૂર અને નીતુ સિંહ પ્રેમમાં પડ્યા અને ૨૨ જાન્યુઆરી ૧૯૮૦ના રોજ લગ્ન કરી લીધા. તેમને બે બાળકો છે, એક રિદ્ધિમા, જેનો જન્મ ૧૫ સપ્ટેમ્બર ૧૯૮૦ના રોજ થયો હતો અને નાનો પુત્ર રણબીર જેનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૮૨ના રોજ થયો હતો.નીતુ સિંહનો જન્મ ૮ જુલાઈ ૧૯૫૮ના રોજ નવી દિલ્હીમાં થયો હતો. નીતુએ ૧૯૬૬માં આવેલી ફિલ્મ 'સૂરજ'થી બાળ કલાકાર તરીકે ડેબ્યૂ કર્યું હતું. આ પછી, તેમણે ફિલ્મ 'રિક્ષાવાલા'માં રણધીર કપૂર સાથે તેમની પ્રથમ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

નીતુ સિંઘે એકવાર છાપા માટે ઈન્ટરવ્યુ આપ્યો હતો. જ્યારે તેને ઋષિ કપૂરના નખરાં વિશે પૂછવામાં આવ્યું તો તેણે ખૂબ જ હિંમતભેર જવાબ આપ્યો. તેમણે કહ્યું, 'મેં તેમને અસંખ્ય વખત ફ્લર્ટ કરતી વખતે પકડયા છે. હું પહેલી વ્યક્તિ હતી જેણે તેમના અફેર વિશે ખબર પડતી હતી, જે આઉટડોર શૂટ દરમિયાન થતું હતું. પરંતુ હું જાણતી હતી કે તે વન નાઈટ સ્ટેન્ડ હતા. નીતુએ આગળ કહ્યું, "જ્યારે મને આ બધા વિશે ખબર પડી ત્યારે હું તેમની સાથે ઝઘડા કરતી હતી. પણ પછી મેં આ વ્યવહારને અપનાવી લીધો કે ચાલો જોઈએ કે તમે ક્યાં સુધી આ કરી શકો છો. અમને બંનેને એકબીજામાં વિશ્વાસ હતો. હું જાણતી હતી કે તેના માટે તેનો પરિવાર પ્રથમ આવે છે, તો પછી મારે શા માટે ચિંતા કરવી જોઈએ? નીતુના કહેવા પ્રમાણે, 'હું જાણું છું કે તે મારા પર નિર્ભર છે અને મને ક્યારેય છોડશે નહીં. મને લાગે છે કે પુરુષોને થોડી સ્વતંત્રતા આપવી જોઈએ.

# ગાયત્રી જોશીએ શાહરૂખ ખાન સાથે કર્યું હતું ડેબ્યૂ



। મુંબઈ, તા.૧૪ ।

ગાયત્રી જોશી હિન્દી સિનેમાના ઈતિહાસની સૌથી સુંદર અભિનેત્રીઓમાંની એક છે. તે એવી કેટલીક અભિનેત્રીઓમાંની એક છે જેને ભારતીય દર્શકો હજુ પણ મિસ કરે છે. તેની પાછળનું કારણ એ છે કે તેણે પોતાની પહેલી ફિલ્મ 'સ્વદેસ'માં પોતાના અભિનયથી બધાનું દિલ જીતી લીધું હતું. આશુતોષ ગોવારીકરની 'સ્વદેસ'માં એક ક્ષણ માટે પણ એવું ન લાગ્યું કે આ ગાયત્રી જોશીની પહેલી ફિલ્મ છે, કારણ કે તે આખી ફિલ્મમાં ખૂબ જ સહજ હતી. જો કે, બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન સાથે ડ્રીમ ડેબ્યૂ હોવા છતાં તેણે બોલિવૂડ છોડી દીધું હતું. ગાયત્રી જોશીએ પ્રેમ ખાતર બોલિવૂડ છોડી દીધું હતું. ગાયત્રીએ અબજોપતિ ઉદ્યોગપતિ વિકાસ ઓબેરોય સાથે લગ્ન કર્યા, જેની કુલ સંપત્તિ ૨૮,૦૦૦ કરોડ રૂપિયા સુધી હોવાનું કહેવાય છે. મહારાષ્ટ્રના નાગપુરમાં ૨૦ માર્ચ ૧૯૭૪ના રોજ જન્મેલી ગાયત્રી જોશી એક મરાઠી પરિવાર સાથે સંબંધ ધરાવે છે. અભ્યાસ પૂરો કર્યા બાદ ગાયત્રી જોશીએ ચેનલ વી સાથે વિડિયો જોકી તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. જો કે, તેણીએ ટૂંક સમયમાં જ આ નોકરી છોડી દીધી અને પ્રોફેશનલ મોડલ બનવા તરફ પગલું ભર્યું. ભૂતપૂર્વ અભિનેત્રીએ ૧૯૯૯ ફેમિના મિસ ઈન્ડિયા બ્યુટી પેજન્ટમાં ભાગ લીધો હતો અને ટોપ ૫માં સ્થાન મેળવ્યું હતું. જો કે, તેણીએ ૨૦૦૦ ફેમિના મિસ ઈન્ડિયા ઈન્ટરનેશનલ જીતી હતી. સૌંદર્ય સ્પર્ધા જીત્યા પછી, ગાયત્રી જોશીને ઘણા બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ મળવા લાગ્યા. તેણીની મોડેલિંગ કારકિર્દી દરમિયાન તેણીએ શાહરૂખ ખાન સાથે એક જાહેરાતમાં પણ કામ કર્યું હતું.

# એનિમલના એન્ટ્રી સીન માટે બોબીએ અપનાવી ખાસ ટ્રીક



। મુંબઈ, તા.૧૪ ।

બોક્સ ઓફિસ પર સતત મોટા રેકોર્ડ બનાવી રહેલી ફિલ્મ 'એનિમલ'ની સાથે બોબી દેઓલના એન્ટ્રી સીનની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. આ પછી તે બોબી ઉર્ફે અબરારનું એન્ટ્રી સોંગ હોય કે પછી લગ્નમાં થયેલી થેલો કહું-ખરાબો. આ દરમિયાન હવે બોબીએ કહ્યું છે કે તેના એન્ટ્રી સીનને અસલી બનાવવા માટે તેમણે તેમના મોટા ભાઈ સની દેઓલના મૃત્યુની કલ્પના કરવી પડશે, જેથી તે વધુ સારી રીતે રડી શકે.

હાલમાં જ બોબી દેઓલે તેના એન્ટ્રી સીન વિશે વાત કરી હતી. સીન મુજબ બોબી દેઓલ ઉર્ફે અબરારને તેમના લગ્નની વચ્ચે જ તેમના ભાઈના મૃત્યુના સમાચાર મળે છે. સૌ પ્રથમ અબરાર બાતમીદારને નિર્દયતાથી મારી નાખે છે અને પછી ચુપચાપ રડે છે. હીટ્ટિદ્વજ મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂ આ સીન વિશે વાત કરતા બોબીએ કહ્યું કે, હું ફિલ્મ માટે એક સીન કરી રહ્યો હતો, જેમાં મને મારા ભાઈના મૃત્યુના સમાચાર મળે છે. અભિનેતાઓ તરીકે અમે ઘણીવાર લાગણીઓને બહાર લાવવા માટે સીનની કલ્પના કરીએ છીએ અને અમારી પાસે આવી ઘણી વસ્તુઓ છે. મારો ભાઈ મારા માટે સર્વસ્વ છે. જ્યારે હું તે દ્રશ્ય કરી રહ્યો હતો, ત્યારે મેં ખરેખર કલ્પના કરી હતી કે મારો ભાઈ મૃત્યુ પામ્યો છે. તેથી જ જ્યારે હું રડ્યો ત્યારે તે અસલી લાગ્યું હતું. બોબીએ વધુમાં કહ્યું કે, આ જ કારણ હતું કે સેટ પર દરેકને તે ક્ષણ લાગ્યું.

**રણબીર કપૂરની સરખામણી ફિલ્મ અગ્નિપથમાં રિશી કપૂરે ભજવેલા રઉફ લાલાના પાત્ર સાથે કરી રહ્યા છે**

# ચાહકો રણબીર કપૂરની તુલના પિતા રિશી કપૂર સાથે કરી રહ્યા છે

। મુંબઈ, તા.૧૪ ।

બોલિવૂડની ફિલ્મ 'એનિમલ' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. હવે દર્શકો પણ ફિલ્મના પાત્રોની સરખામણી અલગ-અલગ ફિલ્મો સાથે કરી રહ્યા છે. કેટલાક લોકો અભિનેતા રણબીર કપૂરની સરખામણી ફિલ્મ 'અગ્નિપથ'માં રિશી કપૂરે ભજવેલા 'રઉફ લાલા'ના પાત્ર સાથે કરી રહ્યા છે. ફેન્સ માને છે કે બંને ફિલ્મો અલગ-અલગ હોવા છતાં રણબીરના લૂકમાં રિશી કપૂરના પાત્રની ઝલક જોવા મળી હતી. રણબીરના ફેન્સ ફિલ્મ 'એનિમલ'માં કંઈક અલગ જ જોયું છે. હકીકતમાં, કેટલાક લોકોએ રણબીરના પાત્રની સરખામણી 'અગ્નિપથ'માં દિવંગત અભિનેતા રિશી કપૂરે ભજવેલા 'રઉફ લાલા'ના રોલ સાથે કરી છે. ફેન્સનું કહેવું છે કે આ પાત્રો અલગ-અલગ ફિલ્મોના હોવા છતાં ફેન્સને તેમનો દેખાવ સરખો લાગે છે. લોકોને પણ લાગે છે કે બંનેની હત્યાની સ્ટાઈલ સમાન છે. બંને પાત્રોને તેમની ભૂલનો અહેસાસ નથી થતો અને પસ્તાવાની કોઈ લાગણી નથી. હત્યા જેવો ગુનો કરવો એ બંને પાત્રો માટે સરળ કામ છે. પાત્રો સિવાય લોકોને બંનેના ચહેરાના હાવભાવ અને ચાલ પણ એકદમ સમાન લાગે છે. રણબીર અને રિશી કપૂરના ચહેરા પરનું ડરાવી દે તેવું સ્મિત પણ સમાન છે. હવે લોકો કહે છે કે પિતા અને પુત્ર સરખા દેખાય છે. ફિલ્મ એનિમલના ૧૦ રસપ્રદ તથ્યો જોઈએ તો એનિમલ ૩ કલાક ૨૧ મિનિટ લાંબી ફિલ્મ છે. ફિલ્મને એડલ્ટ સર્ટિફિકેટ મળ્યું છે. એનિમલ ઉત્તર અમેરિકામાં સૌથી વધુ કમાણી કરનાર પ્રથમ હિન્દી ફિલ્મ બની છે. હિન્દી સિનેમાના ઈતિહાસની સૌથી હિંસક ફિલ્મ એનિમલ છે. દર કલાકે આ ફિલ્મની ૧૦ હજાર ટિકિટ એડવાન્સ બુકિંગમાં વેચાતી હતી.

# ઝાલોદ ડિવિઝન પોલિસ દ્વારા વિવિધ ગુન્હાઓ અંતર્ગત પકડાયેલ દારૂના જથ્થાનો નાશ કરાયો

## ઝાલોદ ડિવિઝન અંતર્ગત આવતા છ પોલિસ સ્ટેશન વિસ્તારના તમામ પોલિસ પોલિસ અધિકારીઓ સ્થળ પર હાજર રહેલ હતા



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૪ ।

ઝાલોદ પોલિસ ડિવિઝનના ઈન્ચાર્જ પોલિસ અધિકારી ડી.વાય.એસ.પી પટેલની આગેવાની હેઠળ ઝાલોદ, લીમડી, ચાકલિયા, સંજેલી, સુખસર, ફતેપુરામાં વિવિધ ગુન્હા હેઠળ અલગ અલગ પોલિસ સ્ટેશનમાં પકડાયેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂને ઝાલોદ થી અંદાજીત ૨ કિલોમીટર અંતરમાં આવેલ ફતેપુરા રોડના રાજપુર મુકામે ખુલ્લી જગ્યામાં વિદેશી દારૂના માલનો જથ્થો બે હેવી રોલર અને એક જે.સી.બી ની મદદ થી નાશ કરવામાં આવ્યો હતો.

આ સમયે રાજપુર મુકામે સ્થળ પર પ્રાંત અધિકારી, ડી.વાય.એસ.પી તેમજ છ પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ તેમજ મોટા પ્રમાણમાં પોલિસ સ્ટાફ હાજર રહ્યો હતો. ડી.વાય.એસ.પી પટેલના નિવેદન મુજબ અલગ અલગ પોલિસ સ્ટેશનમાં વિવિધ ગુન્હાઓમા પકડાયેલ વિદેશી દારૂની કાયદાકીય મંજૂરી મેળવી નાશ કરવામાં આવેલ હતો. આ વિદેશી દારૂનો નાશ કરવા માટે કોર્ટની મંજૂરી લીધા પછી પ્રાંત અધિકારી ગોહિલ, ડી.વાય.એસ.પી પટેલ તેમજ નશાબંધી અધિકારીની ટીમ બનાવી હતી. આ ટીમ દ્વારા સ્વસ્થ ભારત અભિયાન હેઠળ અંદાજીત ૧૨૩૪૧૦ વિદેશી દારૂની બોટલ જેની અંદાજિત કીમત આસરે ૧,૪૮,૮૯,૦૦૦ જેટલી થાય છે. આ તમામ વિદેશી દારૂની પ્રાંત અધિકારી અને ડી.વાય.એસ.પી તેમજ છ જેટલા પણ.એસ. આઈ અને અન્ય પોલિસ સ્ટાફની હાજરીમાં આ તમામ વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

# ભરૂચના અંકલેશ્વર તાલુકાના ખરોડ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજાયો



। ભરૂચ, તા.૧૪ ।

ભરૂચના અંકલેશ્વર તાલુકાના ખરોડ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ લેવા માટે અનુરોધ કરાયો હતો. ઉપરાંત આ કાર્યક્રમમાં મહાનુભાવોના વરદહસ્તે વિવિધ સરકારશ્રીની ૧૭ જેટલી યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાઓના લાભ વિશેની વાત કરી હતી. વિકાસ કાર્યોની ઝાંખી દર્શાવતી ફિલ્મને લોકોએ રસપૂર્વક નિહાળી હતી તેમજ વિકસિત ભારત માટે પ્રતિજ્ઞા લીધી હતી.નોંધનીય છે કે, આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત વિનામૂલ્યે આરોગ્ય ચેકઅપ કેમ્પનો લોકોએ કાર્યક્રમ સ્થળે જ લાભ લીધો હતો.આ પ્રસંગે ડ્રોન મારફતે ખેતીમાં લીકવીડ યુરીયાનો છંટકાંવનો રીત પણ ખરોડના ખેડૂતમિત્રોને બતાવવામાં આવી હતી.

આ પ્રસંગે આરોગ્ય શાખા, આઈસીડીએસ, ખેતીવાડી શાખા, પશુપાલન શાખા,વાસ્મો શાખા, ઉજવલ્લા યોજના, સ્વચ્છ ભારત મિશન, મનરેગામનરેગા, એન.આર એલ.એમ, પીએમએવાય જેવા વિભાગોના સ્ટોલનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખરોડના સરપંચશ્રી, ઉપ સરપંચશ્રી, તાલુકા પંચાયતના સભ્યશ્રી તથા વિવિધ કચેરીઓના અમલીકરણ અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગરીબ વંચિત સહિત તમામ વર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે મંત્રી બચુભાઈ ખાબડ

## પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને ધાનપુર તાલુકાના દુધામલી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના હરખભેર વધામણાં



। દાહોદ, તા.૧૪ ।

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ સમગ્ર રાજ્યમાં કરવામાં આવ્યો હતો. જેને દાહોદ જિલ્લામાં વ્યાપક જનપ્રતિસાદ મળી રહ્યો છે.

ધાનપુર તાલુકાના દુધામલી ગામ ખાતે પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રાના હરખભેર વધામણાં કરવામાં આવ્યા હતા. મંત્રી શ્રી ખાબડે ગ્રામજનોને યોજનાકીય માહિતીની જાણકારી રાખવા, યોજનાનો લાભ લેવા તેમજ વંચિત લાભાર્થીઓને જાગૃત કરવા અનુરોધ કર્યો હતો. વધુમાં મંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે વડપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકાર છેવાડાના નાગરિકોની સુખાકારીમાં વધારો થાય અને સમૃદ્ધિના પથ ઉપર લોકો પસાર થાય તે દિશામાં કાર્ય કરી રહી છે. સાથે તમામ નાગરિકોના આરોગ્યની ચિંતા કરી આયુષ્માન કાર્ડના માધ્યમથી રૂપિયા ૧૦ લાખ સુધીનું વિમા કવચ પ્રત્યેક વ્યક્તિને પુરૂં પાડ્યું છે. ઉજ્જ્વલા યોજનાથી મહિલાઓના જીવનમાં આમુલ પરિવર્તન આવ્યું છે, તેના થકી સ્વાસ્થ્ય અને સમય બંનેની બચત થઈ છે. પ્રધાનમંત્રી જન ધન યોજનાના કારણે તમામ નાગરિકોના બેંકમાં ખાતા ખોલવાથી આજે સરકારશ્રીની તમામ યોજનાનો લાભ જે-તે લાભાર્થીના ખાતામાં સીધો જ જમા થાય છે. આવી અનેકવિધ યોજનાઓ સરકારે લાગુ કરી છે ત્યારે સૌ નાગરિકો આંગળી ચિંધ્યાનું પૂણ્ય કરી પાડોશી પણ સરકારશ્રીની યોજનાનો લાભ લઈ શકે તે માટે સહયોગી-માર્ગદર્શક બનવા અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં નાગરિક તરીકેનું યોગદાન આપવા સૌ નાગરિકોને અપીલ કરી હતી. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત લાભાર્થીઓએ "મેરી કહાની, મેરી જુબાની" થીમ અન્વયે પોતાને મળેલા લાભોની ગાથા વર્ણવી હતી. ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ નિહાળી હતી. ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણ માટે પોતાની સહયોગીતા આપવાના શપથ લીધા હતા.

આ પ્રસંગે કારોબારી સમિતિના ચેરમેન શ્રી અભેસિંહ મોહનીયા, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી, જિલ્લા પંચાયતન સભ્ય શ્રીઓ, તાલુકા પંચાયતન સભ્ય શ્રીઓ, સરપંચશ્રીઓ, મામલતદાર શ્રી રાકેશભાઈ મોદી, તાલુકા વિકાસ અધિકારી શ્રી રાઠવા, સહિત અધિકારી શ્રીઓ કર્મચારી શ્રી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધોલેરાના ચેર ગામે વિકસિત ભારત રથના આગમન સાથે ઉજવાયું વિકસિત ભારત સંકલ્પ યાત્રા પર્વ

## ડ્રોન ડેમોસ્ટ્રેશન, સોઈલ હેલ્થ કાર્ડ અને પ્રાકૃતિક કૃષિ અંગે ગ્રામજનોને જાગૃત કરવામાં આવ્યાં



। ધોલેરા, તા.૧૪ ।

ધોલેરા તાલુકાના ચેર ગામે વિકસિત ભારત રથના આગમન સાથે વિકસિત ભારત સંકલ્પ યાત્રા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ૧૩૬ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા, જેમાંથી ૧૩૧ લોકોએ આરોગ્ય કેમ્પ અંતર્ગત આરોગ્ય તપાસણીનો લાભ મેળવ્યો. જેમાં જેમાં હાયપ રટેન્શન, ટીબી, ડાયાબિટીસ જેવી બીમારીઓ અંગે ગ્રામજનોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું તથા તેમનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું. કુલ ૧૫ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ વિતરણ કરવામાં આવ્યું તથા ડ્રોન ડેમોસ્ટ્રેશન, સોઈલ હેલ્થ કાર્ડ અને પ્રાકૃતિક કૃષિ અંગે ગ્રામજનોને જાગૃત કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે ગ્રામજનોને જળ જીવન મિશન, પીએમ વિશ્વકર્મા યોજના, ઉજ્જવલા યોજના સહિત પીએમ કિસાન યોજનાના લાભો અને માહિતી પૂરી પાડવામાં આવી હતી.

કાર્યક્રમમાં મહિલાઓ, ખેલાડીઓ,વિદ્યાર્થીઓ તથા કલાકારોને કુલ ૭ એવોર્ડ વિતરણ દ્વારા વિકાસયાત્રામાં યુવાવર્ગ અને મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા અને તાલુકા વહીવટીતંત્રના અધિકારી તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# વલસાડ જિલ્લાની પાલિકાઓ દ્વારા ઓવરહેડ ટાંકી અને સંપની સાફસફાઈ હાથ ધરવામાં આવી



। વલસાડ, તા.૧૪ ।

સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન - શહેરી અંતર્ગત "૧૫મી ઑક્ટોબર થી ૧૬મી ડિસેમ્બર ૨૦૨૩" સુધી "સ્વચ્છતા હી સેવા (SHS)" કાર્યક્રમ અંતર્ગત ૧૪ ડિસેમ્બરના રોજ વલસાડ, ઉમરગામ, પારડી, ધરમ પુર તેમજ વાપી નગરપાલિકા દ્વારા ઓવરહેડ ટાંકી, પીવાના પાણીના સંપ, ફિલ્ટરેશન પ્લાન્ટ, વોટરવર્કસ અને આસપાસના વિસ્તારોની સાફસફાઈની કામગીરી હાથ ધરવામાં આવી.

# પશ્ચિમ રેલવે ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સની ૧૭મી સ્ટેટ રેલી અને કેમ્પનું ઉદ્ઘાટન

। અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમ રેલવે, ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સની ૧૭મી સ્ટેટ રેલી (કેમ્પ) ૨૦૨૩, તારીખ ૧૫-૧૨-૨૦૨૩ થી ૧૯-૧૨-૨૦૨૩ સુધી ફૂટબોલ ગ્રાઉન્ડ, સામુદાયિક ભવન પાસે ન્યૂ રેલવે કોલોની સાબરમતી, અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવનાર છે. જેનું ઉદ્ઘાટન મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી સુધીર કુમાર શર્મા ૧૫.૧૨.૨૦૨૩ ના રોજ ૧૭.૦૦ કલાકે કરશે. આ સ્ટેટ રેલી (કેમ્પ)માં પશ્ચિમ રેલવે સ્ટેટ ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સના ૦૭ જિલ્લા ના સંગઠનો અને પ્રાદેશિક રેલવે અને નજદીકી રાજ્યોના લગભગ ૯૦૦ સ્કાઉટ્સ/ ગાઈડ અને આગેવાનો ભાગ લેવા જઈ રહ્યા છે. આ રેલીમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, Pioneering, વિવિધ કૌશલ્ય સંબંધિત કાર્યક્રમ સ્કાઉટ/ ગાઈડના બાળકો દ્વારા કરવામાં આવશે. તમામ સહભાગીઓ અને આગેવાનો માટે આવાસ અને અન્ય સુવિધાઓ માટેની સંપૂર્ણ વ્યવસ્થા પશ્ચિમ રેલવે સ્ટેટ ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ, અમદાવાદ મંડળ દ્વારા કરવામાં આવી રહી છે.

# સોનગઢના વાગદા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોંચતા ગ્રામજનોએ ઢોલનગરા અને તિલક કુમકુમથી આવકરી લીધી



। તાપી, તા.૧૪ ।

બાહુલ આદિવાસી વિસ્તાર તાપી જિલ્લાનો એકપણ નાગરિક કેન્દ્ર-રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓથી વંચિત ન રહી જાય તેવા ધ્યેયમંત્ર સાથે તાપી જિલ્લાના ગામેગામ ભ્રમણ કરીને લોકસંદેશો પાઠવતી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'સોનગઢ તાલુકાના વાગદા ગામે આવી પહોંચતા આદિજાતિ વિકાસ શ્રમ અને રોજગાર,ગ્રામ વિકાસ વિભાગના રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. આ સંકલ્પ યાત્રા દરમિયાન કુલ ૨૨ જેટલી યોજનાઓની માહિતી નાગરિકોને સ્ટોલ્સ, પ્રદર્શની,રથ થકી પુરી પાડવામાં આવી રહી છે.

આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્ય-રાષ્ટ્ર સહિત તાપી જિલ્લાના પ્રત્યેક માનવીને સમૃદ્ધ, મજબુત અને આત્મનિર્ભર બનાવી નવા રાષ્ટ્રના નિર્માણ માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાની અદભૂત હાંકલ કરી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિવિધ યોજનાઓના લાભો થકી ગ્રામજનોની જીવનશૈલીમાં સકારાત્મક બદલાવ જોવા મળ્યો છે. આજે સરકારશ્રીની પ્રધાનમંત્રી આવાસ યોજના થકી લોકોના પાકા ઘરના સપનાઓ સાકાર થયા છે. આરોગ્યલક્ષી ગંભીર બિમારીઓમાં આદિવાસી લોકોને શ્રેષ્ઠ અને નિઃશુલ્ક સારવાર આપતી આશિર્વાદરૂપ સાબિત થતી આયુષ્માન કાર્ડ યોજના લોકોના જીવનમાં ખુશહાલી પ્રસરાવી રહી છે. હજી પણ આ યોજના અંતર્ગત ગામના પ્રત્યેક નાગરિકને આવરી લઈને ૧૦૦ ટકા સેચ્યુરેશનની કામગીરી પૂર્ણ કરવા માટે સ્થાનિક વહિવટીતંત્ર અને આગેવાનોને મંત્રીશ્રીએ હાંકલ કરી હતી.

# નાંદોદ તાલુકાના સુંદરપુરાના ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું

। નાંદોદ, તા.૧૪ ।

નાંદોદ તાલુકામાં ભ્રમણ કરી રહેલો વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આજે સવારે નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શનાબેન દેશમુખની ઉપ સ્થિતિમાં સુંદરપુરા ગામે પહોંચતા ગ્રામજનોએ ઉષ્માભેર આવકાર આપી સરકારશ્રીની યોજનાકીય ફિલ્મો નિહાળીને વિકસિત ભારતના નિર્માણની સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ તકે ગ્રામજનોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ ૧૭ જેટલી ફ્લેગશીપ યોજનાઓની માહિતી આપતી ફિલ્મો નિદર્શન થકી યોજનાઓનો લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ વેળાં નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો.દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, વડપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકાર છેવાડાના નાગરિકોની સુખાકારીમાં વધારો થાય.

# મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાની અનોખી સંવેદના : ગાંધીનગર ખાતે શીશુગૃહ તથા ચિલ્ડ્રન્સ હોમ ફોર બોયસના બાળકોને મળીને સાથે ભોજન લીધુ

। ગાંધીનગર, તા.૧૪ ।

સુશાસનનું ૧ વર્ષ પૂર્ણ થતા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ અનોખી રીતે ઉજવણી કરી હતી. મંત્રીશ્રીએ સમાજ સુરક્ષા વિભાગ હેઠળના ગાંધીનગર ખાતેના શીશુગૃ હ તથા ચિલ્ડ્રન્સ હોમ ફોર બોયસના બાળકો સાથે વાત્સલ્યપૂર્ણ અને આનંદસભર સમય પસાર કર્યો હતો. આ તમામ બાળકો સાથે મંત્રીશ્રીએ ભોજન પણ લીધુ હતું. આ વેળાએ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને તેમણે કંડારેલી વિકાસની કેડી પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની સમગ્ર ટીમને એક વર્ષ પુર્ણ થયું છે. ગુજરાત રાજ્યની અવિરત વિકાસ યાત્રાને નવી ઊંચાઈ ઉપર લઈ જવા ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતુ કે, ગુજરાત સરકાર એક બાદ એક પ્રજાલક્ષી નિર્ણયો લઈ નિરંતર વિકાસપથ પર આગળ વધી રહી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા પ્રેમની બિનજરૂરી માગણીઓ સામે ઝૂકતા નહીં.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. તમારા પ્રિયપ ાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. રૉમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દૃઢતામાં વધારો કરો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો. તમારી આંખો એટલી તેજસ્વી છે કે તમારા પ્રિયપાત્રની અંધકારમય રાતોને તે ઝળહળતી કરી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. પોતાના પર દયા ખાવામાં સમય વેડફવા કરતાં જીવનનો પાઠ શીખવાનો પ્રયાસ કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. તમારા જીવનસાથી પ્રત્યે તમારૂં બેદરકારીભર્યું ધ્યાન ઘરમાં તાણભરી ક્ષણો લાવી શકે છે.

# ન્યૂજર્સીમાં વર્ષ ૨૦૨૪થી વધી જશે મિનિમમ વેજ

## ૧૨ કલાક સુધી કામ કરનારાને દોઢો જ્યારે ૧૨ કલાકથી વધુ કામ કરવા પર બમણો ઓવરટાઈમ મળે છે

। ન્યૂજર્સી, તા.૧૪ ।

અમેરિકાના ન્યૂજર્સી સ્ટેટમાં ૨૦૨૪ના વર્ષના પહેલા જ દિવસથી મિનિમમ વેજમાં વધારો કરવામાં આવશે. ન્યૂજર્સીમાં કામ કરતા તમામ લોકોને મિનિમમ વેજમાં થનારા વધારાનો લાભ મળશે, જે ૦૧ જાન્યુઆરી ૨૦૨૪થી હાલના મિનિમમ વેજથી ૧ ડોલર વધીને ૧૫.૧૩ ડોલર પ્રતિ કલાક થશે. ન્યૂજર્સીના ગવર્નર ફિલ મર્ફી સત્તા પર આવ્યા ત્યારે તેમણે ૨૦૨૪ સુધીમાં મિનિમમ વેજને તબક્કાવાર વધારીને પ્રતિ કલાક ૧૫ ડોલરથી વધુ કરવા માટેના બિલ પર સહી કરી હતી, જેના ભાગરૂપે ન્યૂજર્સીમાં ૨૦૧૯થી મિનિમમ વેજમાં સતત વધારો કરવામાં આવ્યો છે. ગવર્નર ફિલ મર્ફી ૨૦૧૮માં સત્તા પર આવ્યા ત્યારે ન્યૂજર્સીનો મિનિમમ વેજ ૮.૬૦ ડોલર પ્રતિ કલાક હતો. ન્યૂજર્સીના લૉ હેઠળ સીઝનલ અને સ્મોલ બિઝનેસ ધરાવતા લોકોને મિનિમમ વેજ ૧૫ ડોલર સુધી કરવા માટે ૨૦૨૬ સુધીનો સમય આપવામાં આવ્યો છે. મિનિમમ વેજ વધારવા ઉપરાંત ન્યૂજર્સીમાં ૨૦૨૪થી ૨૦ જેટલા અલગ-અલગ ટેક્સમાં પણ કાપ મૂકવામાં આવી શકે છે, જેમાં પ્રોપર્ટી ટેક્સનો પણ સમાવેશ થાય છે જેનો સૌથી વધુ લાભ ભાડાંના મકાનમાં રહેતા તેમજ સિનિયર સિટીઝન્સને મળશે. અમેરિકામાં ફેડરલ મિનિમમ વેજ ૭.૨૫ ડોલર પ્રતિ કલાક છે, જેમાં છેક ૨૦૦૯ના વર્ષથી કોઈ ફેરફાર નથી થયો. જોકે, અમેરિકાના રાજ્યો તેમજ લોકાલિટીને તેમાં વધારો કરવાની સત્તા અપાયેલી છે અને અમેરિકાના ૩૦



રાજ્યોએ તેમાં વધારો કર્યો પણ છે. ન્યૂજર્સી ઉપરાંત ન્યૂયોર્કમાં પણ ૨૦૨૪થી મિનિમમ વેજમાં વધારો થઈ રહ્યો છે, જેમાં ન્યૂયોર્ક સિટી, લૉંગ આયલેન્ડ અને વેસ્ટચેસ્ટરમાં કામ કરતા લોકોને એક કલાકનો ૧૬ ડોલર પગાર મળશે, જ્યારે ન્યૂયોર્ક સ્ટેટના બાકીના ભાગમાં કામ કરતા લોકોનો મિનિમમ વેજ કલાકનો ૧૫ ડોલર રહેશે. ન્યૂયોર્ક અને ન્યૂજર્સી સિવાય અમેરિકાના કેલિફોર્નિયા, મેસાચ્યુસેટ્સ, વોશિંગ્ટન અને કનેક્ટિકટમાં કલાકનો ઓછામાં ઓછો પગાર ૧૫ ડોલર જેટલો છે જ્યારે ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયામાં મિનિમમ વેજ સૌથી વધુ ૧૭ ડોલર પ્રતિ કલાક છે, જ્યારે દસથી તેર ડોલર પ્રતિ કલાકનો મિનિમમ વેજ ધરાવતા સ્ટેટ્સમાં વર્જિનિયા, મિશિગન, મિનેસોટા, મેરીલેન્ડ, ઈલિનોય, એરિઝોના અને ફ્લોરિડાનો સમાવેશ થાય છે. જોકે, ગુજરાતીઓની જ્યાં વધુ વસ્તી છે તેવા ટેક્સાસ અને જ્યોર્જિયામાં મિનિમમ વેજ ૭.૨૫ ડોલર છે. અમેરિકામાં અલગ-અલગ સ્ટેટ્સમાં જે મિનિમમ વેજ આપવામાં આવે છે તે કલાકના પાંચ દિવસ અને રોજના આઠ કલાકની શિફ્ટ અનુસાર અપાય છે, મતલબ કે એક અઠવાડિયામાં જો કોઈએ ૪૦ કલાક કે તેથી ઓછું કામ કર્યું હોય તો તેને મિનિમમ વેજ અનુસાર સેલેરી મળે છે, પરંતુ જો કોઈ વ્યક્તિ રોજના આઠ કલાકથી વધુ પણ ૧૨ કલાકથી ઓછું કામ કરે તો તેને ઓવર ટાઈમનો દોઢો પગાર ચૂકવવો પડે છે, જ્યારે ૧૨ કલાકથી વધુ કામ કરવાનો ઓવર ટાઈમ મિનિમમ વેજથી ડબલ હોય છે. મોટાભાગે મોટેલ, રેસ્ટોરાં, ગેસ સ્ટેશન કે પછી સ્ટોર્સ તેમજ નાના-મોટા બિઝનેસમાં કામ કરતા લોકોને મિનિમમ વેજ અનુસાર પગાર મળતો હોય છે. જે સ્ટેટ્સમાં મિનિમમ વેજ વધારે હોય છે ત્યાં કોસ્ટ ઓફ લિવિંગ પણ ઉંચી હોય છે, જ્યારે ઓછો મિનિમમ વેજ ઓફર કરતાં સ્ટેટ્સમાં કોસ્ટ ઓફ લિવિંગ નીચી હોય છે.

## ન્યૂઝ બ્રિફ

### બાયડેન-પુત્ર સામે મહાભિયોગની તપાસને ઔપચારિક બનાવવાના ઠરાવને મંજૂરી

। વોશિંગ્ટન, તા.૧૪ ।

યુએસ હાઉસમાં ગઈકાલે રાષ્ટ્રપતિ જો બાયડેન પર મતદાન થયું હતું જેમાં બાયડેન અને તેમના પુત્ર સામે આંતરરાષ્ટ્રીય વ્યવહારો અંગે મહાભિયોગની તપાસને ઔપચારિક બનાવવાના ઠરાવને મંજૂરી આપી હતી. જો કે બાયડેનની પાર્ટી ડેમોક્રેટસે આ પગલાને સંપૂર્ણપણે રાજકીય ગણાવ્યું હતું. રિપબ્લિકન-નિયંત્રિત યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ગઈકાલે રાષ્ટ્રપતિ જો બાયડેન સામે મહાભિયોગની તપાસને ઔપચારિક ઠરાવને મંજૂરી આપી હતી. ગૃહમાં રાષ્ટ્રપતિ બાયડેન વિરુદ્ધ મહાભિયોગ તપાસની તરફેણમાં ૨૨૧ વોટ પડ્યા જ્યારે તેની વિરુદ્ધમાં ૨૧૨ વોટ પડ્યા હતા. જો કે રાષ્ટ્રપતિ જો બાયેડને તેમની વિરુદ્ધ મહાભિયોગની તપાસને ઔપચારિક બનાવવા માટે ગૃહના મતને 'પાયા વિનાનો રાજકીય સ્ટંટ' ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે અમેરિકનોના જીવનને સુધારવામાં મદદ કરવાને બદલે, તેઓ મારા પર જુઠ્ઠાણાથી હુમલો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### ઈઝરાયેલ સ્વાસ્થ્યકર્મીઓને કસ્ટડીમાં લે છે : WHO

। વોશિંગ્ટન, તા.૧૪ ।

ઈઝરાયલ પર ૭ ઓક્ટોબરે થયેલા હમાસના આતંકી હુમલા બાદથી યુદ્ધની સ્થિતિ હજુ યથાવત્ છે. બે મહિનાથી વધુ સમય વીતી જવા છતાં હજુ સુધી યુદ્ધ અટકવાનું નામ લઈ રહ્યું નથી. દરમિયાન વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) ઈઝરાયલની આ હરકતથી અકળાયું હતું અને તેણે ચેતવણી પણ ઉચ્ચારી હતી. ડબલ્યુએચઓએ ઈઝરાયલ પર આરોપ મૂક્યો છે કે તેના દ્વારા લાંબી ચલાવાતી તપાસને કારણે ગાઝામાં એક ઘાયલ દર્દીને સમયસર સારવાર મળી શકી નહોતી જેના લીધે તે મૃત્યુ પામી ગયો. ડબલ્યુએચઓપ્રમુખ ટેડ્રોસ અદનહોમ ગ્રેબેસિયસે ઈઝરાયલ પર સ્વાસ્થ્યકર્મીઓને કસ્ટડીમાં લઈને અને સહાય સામગ્રી ધરાવતા ટ્રકો પર હુમલો કરીને ગાઝામાં સ્વાસ્થ્ય અને બચાવ મિશનમાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે આ કૃત્યને લીધે ગંભીર રીતે ઘાયલ દર્દીનું મોત નીપજ્યું હતું. ટેડ્રોસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું કે અમને ગાઝામાં અલ અહલી હોસ્પિટલમાં ચલાવાઈ રહેલા ડબ્લ્યૂએચઓના મિશન વિશે જાણકારી મળી. લાંબા સમય સુધી તપાસ અને સ્વાસ્થ્યકર્મીઓને અટકાયતમાં રખાઈ રહ્યા છે.



અજમેરમાં નવા ચૂંટાયેલા રાજસ્થાન વિધાનસભાના અધ્યક્ષ વાસુદેવ દેવનાનીનું ભાજપના કાર્યકરો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

#### મેદાની વિસ્તારોના તાપમાનમાં ઘટાડો

## IMDએ ઘણા રાજ્યો માટે વરસાદની ચેતવણી જારી કરી

### કેરળ, માહે, તમિલનાડુમાં વાવાઝોડા સાથે વરસાદ પડી શકે

। નવી દિલ્હી, તા.૧૪ ।

આખા દેશમાં શિયાળાની શરૂઆત થઈ ગઈ છે અને ખાસ કરીને ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી પડવા લાગી છે. તો યુપી અને પંજાબ સહિત ઘણા રાજ્યોમાં ધુમ્મસ જોવા મળી રહ્યું છે. આ સાથે જ હિમાચલ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા થઈ રહી છે. પહાડી વિસ્તારોમાં શીત લહેર ચાલી રહી છે જે કારણે મેદાની વિસ્તારોના તાપમાનમાં ઘટાડો થયો છે. જો કે આ સાથે જ ઘણા રાજ્યોમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ ઘણા રાજ્યો માટે વરસાદની ચેતવણી જારી કરી છે. IMD અનુસાર, કેરળ, માહે અને તમિલનાડુમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ પડી શકે છે. આ રાજ્યોમાં રવિવાર સુધી વરસાદી માહોલ જારી રહેશે. ઓડિશા, પશ્ચિમ બંગાળ અને બિહારના ઘણા જિલ્લાઓમાં પણ વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમમાં ગાઢ ધુમ્મસની સાથે પૂર્વોત્તર ભારતના ઘણા રાજ્યોમાં તાપમાનમાં ઘટાડો થવાની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ રહ્યું છે. તેથી, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં હળવા વરસાદ સાથે ફરી એકવાર તીવ્ર ઠંડી શરૂ થશે. બુધવારે રાયપુરનું લઘુત્તમ તાપમાન ૮.૫ ડિગ્રી નોંધાયું હતું. જે આ વર્ષની ઠંડી સિઝનનું સૌથી નીચું તાપમાન છે.

ગુજરાતમાં પણ ધીરે ધીરે ઠંડી જોર પકડી રહી છે એવામાં દેશના ઘણા વિસ્તારોમાં વરસાદ પડવાની સંભાવના છે. જો કે હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાતમાં આવતા ત્રણ દિવસ માટે વાતાવરણ શુષ્ક રહેશે. એટલે કે ગુજરાતમાં વરસાદ પડવાની કોઈ સંભાવના નથી. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં છેલ્લા ઘણા દિવસોથી તાપમાન સામાન્ય કરતા નીચે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ફરી ઘટાડો થઈ શકે છે. દિલ્હી-એનસીઆરના ઘણા વિસ્તારોમાં સવારથી ગાઢ ધુમ્મસ પણ પડી રહી છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીમાં છઊં સ્તર હજુ પણ અત્યંત નબળી શ્રેણીમાં છે.

#### ભારતીય સેનાએ કર્યા રેસ્ક્યુ

## સિક્કિમમાં હિમવર્ષા વચ્ચે ફસાયા ૮૦૦ પ્રવાસીઓ

। સિક્કિમ, તા.૧૪ ।

ભારતીય સેનાના જવાનોએ પૂર્વ સિક્કિમમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં ફસાયેલા ૮૦૦ થી વધુ પ્રવાસીઓને બચાવ્યા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વૃદ્ધ લોકો, મહિલાઓ અને બાળકો સહિત આ પ્રવાસીઓ હિમવર્ષા અને ખરાબ હવામાનને કારણે પૂર્વ સિક્કિમના વિવિધ વિસ્તારોમાં ફસાયેલા હતા. તેમણે કહ્યું કે ભારતીય સેનાના ત્રિશક્તિ કોર્પ્સ દ્વારા હાથ ધરવામાં આવેલ બચાવ કામગીરી મોડી સાંજ સુધી ચાલુ રહી અને તમામ ફસાયેલા પ્રવાસીઓને સુરક્ષિત વિસ્તારોમાં લઈ જવામાં આવ્યા. અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ પ્રવાસીઓને આશ્રય, ગરમ કપડાં, તબીબી સહાય અને ગરમ ખોરાક આપવામાં આવ્યો હતા. તેમણે કહ્યું કે સૈનિકોએ ફસાયેલા પ્રવાસીઓને સમાવવા માટે તેમની બેરેક ખાલી કરી.

સેનાએ ફસાયેલા પ્રવાસીઓને બચાવ્યા- વાસ્તવમાં, બુધવારે બપોરે હિમવર્ષા અને ખરાબ હવામાનને કારણે, વૃદ્ધ લોકો, મહિલાઓ અને બાળકો સહિત ૮૦૦ થી વધુ પ્રવાસીઓ પૂર્વ સિક્કિમના ઊંચાઈવાળા વિસ્તારોમાં ફસાઈ ગયા હતા. આ પછી, ત્રિશક્તિ કોર્પ્સના જવાનો તરત જ એક્શનમાં આવ્યા અને ફસાયેલા પ્રવાસીઓને બચાવ્યા.

#### અવકાશમાં ફરી ભારતનો તિરંગો લહેરાશે!

## ગગનયાન મિશન પહેલા ISRO મહિલા રોબોટ મોકલશે

। નવી દિલ્હી, તા.૧૪ ।

ચંદ્રયાન-૩ મિશનની અપાર સફળતા બાદ ભારતીય અવકાશ એજન્સી સતત નવી ઊંચાઈઓ હાંસલ કરવામાં વ્યસ્ત છે. વાત જાણે એમ છે કે, પહેલા ISROએ સૂર્ય મિશન માટે આદિત્ય એલ-૧ લોન્ચ કર્યું. હવે ISRO ધ્યાન માનવ મિશન ગગનયાન પર છે. આ મિશન હેઠળ અવકાશયાન અવકાશમાં મોકલવામાં આવશે તે ભારતના પ્રથમ માનવ મિશન માટે રિહર્સલ તરીકે મોકલવામાં આવી રહ્યું છે. ગગનયાન મિશનની તૈયારી માટે ISRO લાંબા સમયથી કામ કરી રહ્યું છે. આ શ્રેણીમાં મહિલા રોબોટ વ્યોમમિત્રને અવકાશયાન દ્વારા અવકાશમાં મોકલવાની તૈયારી ચાલી રહી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રધાન ડૉ. જિતેન્દ્ર સિંહે બુધવારે જણાવ્યું હતું કે, ભારત માનવ મિશન પહેલાં મહિલા રોબોટિક અવકાશયાત્રી વ્યોમમિત્રને અવકાશમાં મોકલશે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે એક ખાનગી ચેનલ પર એક કાર્યક્રમ દરમિયાન આ માહિતી આપી હતી. ISROનું મહત્વાકાંક્ષી ગગનયાન મિશન માનવ અવકાશ ઉડાનમાં ભારતની ક્ષમતાને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવા માટે તૈયાર છે. માનવ સહિત મિશન પહેલા ISRO એ આવતા વર્ષ માટે મહિલા રોબોટ અવકાશયાત્રી વ્યોમમિત્ર ને લઈ જતી પરીક્ષણ ફ્લાઈટનું આયોજન કર્યું છે.

**વિશેષ** સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિ । મંત્રી શ્રી રાઘવજી પટેલ દ્વારા 'ટાઈમ ફોર ઓર્ગેનિક્સ' નવીન એપનું લોન્ચિંગ

# કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના હસ્તે અને ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં 'ટાઈમ ફોર ઓર્ગેનિક્સ' સ્ટોરનો શુભારંભ





'પહેલું સુખ તે જાતે નર્યા'ના મંત્રને સાકાર કરવા તેમજ નાગરિકોને શુદ્ધ ખાદ્ય વસ્તુઓ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે કુડાસણ -ગાંધીનગર ખાતે આજે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના હસ્તે તેમજ ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં 'ટાઈમ ફોર ઓર્ગેનિક્સ' સ્ટોરનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે રાજ્ય સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગોકુલ ગ્રુપ દ્વારા રાજ્યભરમાં પ્રથમવાર શરૂ કરાયેલ ૧૦૦ ટકા 'ઓર્ગેનિક્સ સ્ટોર'માં ખાદ્ય તેલ, વિવિધ ગરમ મસાલા, મિલેટસ્, ડ્રાયફ્રૂટ્સ,ચોખા, કઠોળ, લોટ-આટો, ડેઈલી ઈટેબલ, સ્વીટનર્સ, જ્યુસ, શાકભાજી, ફળફળાદી, કોલ્ડ કોફી અને વિવિધ સલાડ જેવા વિવિધ ઓર્ગેનિક ઉત્પાદનો ઉપલબ્ધ છે.

ઉલ્લેખનીય છે કે,આજે ગાંધીનગરની સાથે અમદાવાદમાં કેશવબાગ, સેટેલાઈટ અને શેલા એમ ચાર સ્થાનો પર 'ટાઈમ ફોર ઓર્ગેનિક્સ' સ્ટોરનો શુભારંભ કરવામાં આવ્યો છે. ગોકુલ ગ્રુપ દ્વારા આગામી એક વર્ષમાં ગુજરાત સહિત ભારતભરમાં ૩૦૦ જેટલા ઓર્ગેનિક્સ સ્ટોર શરૂ કરવાનો પણ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

શુભારંભ પ્રસંગે મંત્રી શ્રી રાઘવજી પટેલ દ્વારા 'ટાઈમ ફોર ઓર્ગેનિક્સ' સ્ટોરની નવીન એપ પણ લોન્ચ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી હિતેશ મકવાણા, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિહ ગોલ, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, સમાજ સેવક અને અંગદાનના પ્રેરક શ્રી દિલીપ દેશમુખ, ભાજપ અગ્રણી શ્રી કે. સી. પટેલ, કોર્પોરેટરશ્રીઓ, ગોકુલ ગ્રુપના એમ.ડી શ્રી ધર્મેન્દ્રસિંહ રાજપૂત, સીઈઓ, સહિત મહાનુભાવો - ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## ૩૧ ડિસેમ્બર પહેલા મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

। રાજકોટ, તા.૧૪ ।

રાજકોટમાં પણ ફરી એક વાર દારુનો જથ્થો ઝડપાયો છે. ૩૧ ડિસેમ્બર પહેલા મોટા પ્રમાણમાં વિદેશી દારુનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. તો બામણબોર ચેકપોસ્ટ પાસેથી વિદેશી દારુનો જથ્થો ઝડપ ાયો છે. તો રાજસ્થાનથી ગુજરાત સુધી ટેક્રરમાં દારુ લાવવામાં આવતો હતો. રાજ્યમાં અવારનવાર નશાકાર પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા વારંવાર નશાકારક પદાર્થ ઝડપાતા હોય છે. ત્યારે રાજકોટમાં પણ ફરી એક વાર દારુનો જથ્થો ઝડપાયો છે. ૩૧ ડિસેમ્બર પહેલા મોટા પ્રમાણમાં વિદેશી દારુનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. તો બામણબોર ચેકપોસ્ટ પાસેથી વિદેશી દારુનો જથ્થો ઝડપાયો છે. તો રાજસ્થાનથી ગુજરાત સુધી ટેક્રરમાં દારુ લાવવામાં આવતો હતો. તો ૫૦ લાખ રુપિયાના દારુના જથ્થા સાથે એકની ધરપકડ કરવામાં આવી છે.

## સાણંદમાં ઘઉં જીરું, રાયડો સહિતના શિયાળુ પાક પર કેનાલના પાણી ફરી વળ્યા

। અમદાવાદ, તા.૧૪ ।

સાણંદના નળકાંઠા વિસ્તારના ખેડૂતોની દયનીય સ્થિતી જોવા મળી રહી છે. તંત્રના વાંકે ૧૦ ગામોના ખેડૂતોનો ઉભો પાક ધોવાયો છે. આપને જણાવીએ કે, ફતેવાડી કેનાલમાં પાણી છોડાતાં હજારો હેક્ટરમાં પાણી ફરી વળ્યું છે. રેથલ, કુંડળ, પાવા, મેલખણા સહિતના ૧૦ ગામોના ખેતરો પાણીમાં ગરકાવ થયા છે. ઘઉં જીરું, રાયડો સહિતના શિયાળુ પાક પર કેનાલનો પાણી ફરી વળ્યો છે. ખેડૂતો જ્યારે પાણીની માગ કરે ત્યારે પાણી ન અપાતું હોવાનો આરોપ લગાવવામા આવી રહ્યું છે. અચાનક પાણી છોડાતાં કરોડોની ખેતપેદાશો પાણીમાં ગરકાવ થયો છે.



અમદાવાદમા આજે લગ્ન પુષ્કળ હતા જેથી  જમાલપુર ફૂલ બજારમા વરઘોડા માટેની કારને સજાવી રહેલ કારીગર.

રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ પહેલા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો

# અમદાવાદથી અયોધ્યા માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ થશે

**દેશભરમાંથી લોકો આ કાર્યક્રમમાં ભાગ લેવા જશે ગુજરાતથી પણ લોકો જવાની શકયતા છે ત્યારે તેમને ખૂબ જ મોટી સુવિધા મળવા જઇ રહી છે**

। અમદાવાદ, તા.૧૪ ।

૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અયોધ્યામાં રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ છે. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાને લઈને દેશ ભરમાં ખૂબ જ ઉત્સાહનો માહોલ છે. પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને રામ મંદિરના પ્રથમ માળનું કામ પ ૂર જોશમાં ચાલી રહ્યું છે. દેશભરમાંથી લોકો આ કાર્યક્રમમાં ભાગ લેવા જશે. ગુજરાતથી પણ લોકો જવાની શકયતા છે. ત્યારે તેમને ખૂબ જ મોટી સુવિધા મળવા જઈ રહી છે. અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ પહેલા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા પહેલા અમદાવાદથી અયોધ્યા માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ થશે. અમદાવાદથી અયોધ્યા માટે સપ્તાહમાં ત્રણ ફ્લાઈટ રહેશે. ૧૧ જાન્યુઆરીથી ફ્લાઈટ શરૂ થવાની છે. આ સુવિધા મળવાથી માત્ર ૧ કલાક ૫૦ મિનિટમાં જ અયોધ્યા પહોંચાશે.આ ફ્લાઈટની વધુ વિગતની વાત કરીએ તો મંગળવાર, ગુરૂવાર અને શનિવારે સવારે ૯.૧૦ વાગ્યે ફ્લાઈટ અયોધ્યા જશે. અયોધ્યાથી અમદાવાદ પરત આવવાની ફ્લાઈટ ૧૧.૩૦ વાગ્યે રહેશે. મહત્વનું છે કે પ્રાણ પ્રતિષ્ઠા માટેની શ્રી રામની પ્રતિમાને પર શાનદાર અંદાજમાં તૈયાર કરવામાં આવી રહી છે. આ મૂર્તિઓને મંદિરના ગર્ભગૃહમાં મૂકવામાં આવશે. ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે કહ્યું હતું કે રામ જન્મભૂમિ મંદિરમાં ભગવાન રામના પાંચ વર્ષના બાળ સ્વરૂપની ચાર ફૂટ ત્રણ ઈંચની સ્થાયી પથ્થરની પ્રતિમા અયોધ્યામાં ત્રણ સ્થળોએ બનાવવામાં આવી રહી છે.

વનકર્મીને મારવાના કેસમાં ધારાસભ્ય ભૂગર્ભમાં હતા

# ચૈતર વસાવાએ ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં સરેન્ડર કર્યું

**સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને નારેબાજી શરુ કરી હતી તેમજ સમર્થકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ**

। ડેડીયાપાડા, તા.૧૪ ।

આપના ધારાસભ્ય ચૈતર વસાવા ડેડીયાપાડા પોલીસ સ્ટેશન ખાતે હાજર થયા છે. તેઓ વનકર્મીને માર માર્યાના કેસમાં છેલ્લા એક મહિનાથી ભુગર્ભમાં હતા ત્યારે હવે તણે પોલીસ સમક્ષ સરેન્ડર કર્યુ છે. ડેડીયાપાડાના આપના ધારાસભ્ય ચૈતર વસાવાને લઈને એક મોટા સમાચાર આવ્યા છે. વનકર્મી પર હુમલો કરવાના મામલે ચૈતર વસાવા આજે સરેન્ડર કરીને ડેડીયાપ ાડા પોલીસ સ્ટેશને હાજર થયા છે. આ દરમિયાના તેમના સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને નારેબાજી શરુ કરી હતી તેમજ સમર્થકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ થયુ હતું. તેમના પર નર્મદા જિલ્લામાં વન વિભાગના કર્મચારીઓને માર મારવાનો કેસ નોંધાયો હતો અને તેઓ છેલ્લા એક મહિનાથી



ભુગર્ભમાં હતા. આ કેસમાં ચૈતર વસાવાએ સેશન્સ કોર્ટ અને ત્યાર બાદ હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી, જેને બંને કોર્ટે ફગાવી દીધી હતી. આપના ધારાસભ્ય ચૈતર વસાવા જે મામલે ફરાર હતા તેમાં વન વિભાગે તેમના વિરુદ્ધ ફરીયાદ દાખલ કરી હતી, જેમાં વનવિભાગના કર્મચારીઓ તરફથી ફોરેસ્ટ વિસ્તારમાં ખેડૂતો દ્વારા દબાણ કરી ખેતી કરવામાં આવતા વનવિભાગે કાર્યવાહી કરી હતી.

મહાનગરો માટે મુખ્યમંત્રી કક્ષાએ મહત્વનો નિર્ણય

# ગાંધીનગર, સુરત, વડોદરામાં શહેરી વિકાસ માટે ૪૮૪ કરોડની ફાળવણી

**આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટ કામો તથા મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે સૈદ્ધાંતિક મંજૂરી**

। અમદાવાદ, તા.૧૪ ।

રાજ્યના મુખ્યમંત્રીએ નગરો અને મહાનગરોમાં જન સુખાકારીના વધુ કામોને મંજૂરી આપી છે. વાત જાણ એમ છે કે, મુખ્યમંત્રી કક્ષાએ થુ ગાંધીનગર, સુરત, વડોદરામાં શહેરી વિકાસ માટે ૪૮૪ કરોડની ફાળવણી કરાઈ છે. આ સાથે ગાંધીનગર અને ગુડાને ૮ કામ માટે ૬૬.૫૯ કરોડ તો સુરત મહાનગર ૨૫૨ કામો માટે ૩૬૯ કરોડ અને વડોદરા મહાનગરના ૧૬૪ કામો માટે ૫૬ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આસાથે આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટ કામો તથા મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રીએ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટનો ધ્યેય સાકાર કરવા આ હેતુસર રાજ્યના ત્રણ મહાનગરોને કુલ ૪૨૪ વિવિધ જનહિતકારી વિકાસ કામો માટે સમગ્રતયા ૪૮૩.૭૧ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જેમાં ગાંધીનગર અને ગુડાને ૮ કામો માટે રૂ. ૬૬.૯૫ કરો, સુરત મહાનગરને ૨૫૨ કામો માટે રૂ. ૩૬૦.૦૬ કરોડ અને વડોદરા મહાનગરને ૧૬૪ કામો માટે રૂ. ૫૬.૭૦ કરોડ મળી કુલ ૪૮૩.૭૧ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી આ ત્રણ મહાનગરોને આ રૂ.૪૮૩.૭૧ કરોડની રકમ ફાળવી છે. આ સતહે પાટનગર ગાંધીનગરની ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી-ગુડાને ભાઈજીપુરાથી ગિફ્ટસિટી તરફ જતા સિગ્નેચર બ્રિજ સુધીના રોડના કામો માટે ૨૦.૭૪ કરોડ રૂપિયાની ફાળવણીની મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગાંધીનગર-કોબા હાઈ-વે ને ગિફ્ટસિટી સાથે જોડતા આ મુખ્ય માર્ગની બેય તરફ વિવિધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ કાર્યરત છે. આ રોડના ડેવલપમેન્ટ તેમજ બ્યુટિફિકેશન હેતુસર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ખાસ કિસ્સામાં ૨૦.૭૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી



। અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે ૧૪ ડિસેમ્બરે ગુજરાત પર્યાવરણ વ્યવસ્થાપન સંસ્થા (GEMI)ના સહયોગથી રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા. આ દરમિયાન વિદ્યાર્થીઓને ઊર્જા બચત કરવાના ઉપાયો, તેના ફાયદાઓ તેમજ ઊર્જા મેળવવાના કુદરતી સ્ત્રોત વિશે જાણકારી આપવામાં આવી.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા શ્રી પરેશ ચાવડા, ડેપ્યુટી એન્વાયર્નમેન્ટલ એન્જિનિયર, GEMI એ વિદ્યાર્થીઓને ઊર્જા બચાવવાના વિવિધ માર્ગો અને ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત સાયન્સ સિટી ખાતે આવેલા એનર્જી એજ્યુકેશન પાર્કમાં ખાસ પ્રકારના ઈન્ટરેક્ટિવ સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન કાર્યક્રમમાં હાજર રહેલા તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ મુલાકાતીઓએ પ્રતિજ્ઞા બચાવવા માટે ખાસ પ્રતિજ્ઞા પણ લીધી હતી. ઉલ્લેખનીય છે કે લોકો અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તે માટે ગુજરાત સાયન્સ સિટી અવારનવાર આવા વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરતી રહે છે.

રાજ્યના હાઈવે પર અકસ્માતનો સિલસિલો જારી

# માલિયાસણ નજીક ટ્રક-બે કાર ટકરાતાં ત્રણનાં મોત

। અમદાવાદ, તા.૧૪ ।

રાજ્યમાં હાઈવે પર અકસ્માતનો સિલસિલો ચાલુ છે. માલિયાસણ નજીક અકસ્માતની ઘટના બની હતી જેમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને કારનો કચ્ચણઘાણ નીકળી ગયો હતો. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો છે. રાજ્યમાં અકસ્માતની ઘટના દિવસેને દિવસે વધી રહી છે અને તેમાં પણ ખાસ કરીને હાઈવે પર અકસ્માતની ઘટના વધુ બની રહી છે ત્યારે આજે રાજકોટ-અમદાવાદ હાઈવે પર વધુ એક અકસ્માતની ઘટના બની છે જેમાં માલિયાસણ નજીક ટ્રક અને બે કાર વચ્ચે ભયાનક અકસ્માતની ઘટના બની છે જેમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને કારનો કચ્ચણઘાણ નીકળી ગયો હતો અને પતરા તોડીને મૃતદેહને બહાર કાઢ્યા હતા. હાલ ઘટનાની જાણ થતા જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોચવા રવાના થઈ છે. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો છે. હજુ ગઈકાલે જ પાટણ જિલ્લામાં ભયાનક માર્ગ અકસ્માતની ઘટના બની હતી જેમાં પાટણ જિલ્લાના સાંતલપુરના ફાંગલીથી ચારણકા રોડ પર સ્વિફ્ટ કાર પસાર થઈ રહી હતી તે દરમિયાન અચાનક જ જંગલી પશુ વચ્ચે આવી જતાં કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર પાણીના ખાડામાં પડતા ડૂબી જવાથી કારમાં સવાર ૭ લોકોમાંથી એક જ પરિવારના ચાર લોકોના મોત થયા હતા જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

રાજકીય હેતુ માટે મ્યુનિસિપલ સ્કુલના ૨૦૦ વિદ્યાર્થીઓનો દુરપયોગ દુ:ખદ બાબત

# "વિકસિત ભારત સંકલ્પ યાત્રાનાં" પાછળ ૪૮ દિવસમાં ૨.૮૮ કરોડ રૂપિયાનો ખર્ચ

**અમદાવાદ શહેરના ૪૮ વોર્ડમાં સવાર સાંજ એમ કુલ બે ટાઇમ કુલ ૯૬ કાર્યક્રમ કર્યા**

। અમદાવાદ, તા.૧૪ ।

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ નગરજનોને માહિતગાર કરવાના હેઠળ અમદાવાદ શહેરના ૪૮ વોર્ડમાં ૪૮ દિવસમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"નું સવાર સાંજ એમ બે ટાઈમ કુલ ૯૬ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. યાત્રાના એક કાર્યક્રમનો ખર્ચ ત્રણ લાખ રૂપિયા થાય છે શહેરમાં ૪૮ યાત્રાનો કુલ ખર્ચ રૂપિયા ૨.૮૮ કરોડ જેટલો થયો છે. પ્રજાના ટેક્ષના રૂપિના બવ વધારે રકમનો ખર્ચ આગામી લોકસભાની ચૂંટણીને લઈને સત્તાધારી ભાજપ પક્ષ દ્વારા રાજકીય લાભ માટે કરવામાં આવે તે કોઈ પણ રીતે ઉચિત નથી આ સાથે એએમસીએ શાળાના કાર્યક્રમોમાં રોજના ૨૦૦ બાળકોને પણ ફરજીયાત હાજર રાખવા બાબતે કરેલ આદેશ શરમજનક બાબત છે.

સત્તામાં બેઠેલી ભાજપ પક્ષ પોતાની રાજકીય લાભ તેમજ સ્વપ્રસિધ્ધી મેળવવા માટે મ્યુનિસિપલ સ્કુલના રોજના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓનો દુરપયોગ કરવામાં આવે તે કમનસીબ અને દુ:ખદ બાબત છે. રાજકીય હેતુ પ્રેરીત કાર્યક્રમોમાં અમદાવાદ મ્યનિસિપલ કોર્પોરેશના ભાજપના સત્તાધીશોના કહેવાથી તંત્ર દ્વારા બાળકોને જોડી ભાજપ વહીવટી તંત્ર તેમના ભવિષ્ય પર કુઠારાધાત કરી રહયાં હોય તેવી લાગણી પ્રર્વતી રહી છે. અમદાવાદ મ્યુ.કોર્પોરેશન એ કોઈ રાજકીય અખાડો નથી. કોઈ સત્તાધીશો માટેનું સત્તાનું કેન્દ્ નથી પરંતુ એ સ્થાનિક સ્વરાજ્યની સ્વાયત સંસ્થા છે ભારતીય જનતા પાર્ટીના રાજકીય રોટલો શેકવાના હેતુથી કેટલાય સમયથી મ્યુ.કોર્પોરેશનનું પણ ભાજપીકરણ કરવામાં આવી રહયું છે. સત્તાના નશામાં રાંચતા ભાજપ દ્વારા "કોડ ઓફ કન્ડકટ"નું પણ સરેઆમ ઉલ્લંઘન કરાઈ રહ્યું છે.

ભાજપના દ્વારા વહીવટીતંત્રને ફરજીયાત આદેશો આપીને રાજકીય ફાયદો મેળવવા માટેના કાર્યક્રમ મ્યુનિસિપલ તંત્રને ફરજ પાડવામાં આવે છે. આવા દૂરૂપયોગને લીધે તેની સીધી અસર પ્રાથમિક સેવા ઉપર પડે છે. વોર્ડમાં આવેલ નાના કર્મચારીથી લઈને મ્યુ. કોર્પોરેશનના અધિકારીગણને યેનકેન પ્રકારે કાર્યક્રમોમાં વ્યસ્ત રાખવામાં આવી રહયા છે. તેની સીધી અસર સેવાઓ ઉપર પડી રહી છે. રોજની ફરીયાદો લઈને આવતા નાગરિકોને જે તે અધિકારીઓ ન મળતાં તેઓની મુશ્કેલીઓમાં પણ વધારો થઈ રહ્યો છે મ્યુ.કોર્પોની જાહેર મિલકતો, સરકારી મશીનરી અને સરકારી તંત્રનો તથા પ્રજાના પરસેવાના ટેક્ષના નાણાંનો રાજકીય હેતુસર દુરપયોગ કરી સત્તાધારી ભાજપ દ્વારા કરાયેલ હીન પ્રયાસ જેને કોંગ્રેસ પક્ષ સપ્ન શબ્દોમાં વખોડી કાઢે છે આ કાર્યક્રમો રાજકીય લાભ મેળવવા માટેનો હોઈ આ કામ પરત કરવા કોંગ્રેસ પક્ષની માંગણી છે. અન્યથા આ કામ બાબતે કોગ્રેસ પક્ષનો સ્પષ્ટ વિરોધ છે.

ફિશિંગ બોટમાં આગ લાગવાની ઘટના સામે આવી

# સલાયા બંદરે લાંગરેલી ફિશિંગ બોટમાં આગ લાગી

। દેવભૂમિ દ્વારકા, તા.૧૪ ।

દેવભૂમિ દ્વારકાના સલાયા બંદરે લાંગરેલી ફિશિંગ બોટમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. તો માછીમારની બોટમાં એકાએક આગ ભભૂકિ ઉઠી હતી. જો કે સદનસીબે આગમાં કોઈ પણ જાનહાનિની ઘટના બની નથી.

દેવભૂમિ દ્વારકાના સલાયા બંદરે લાંગરેલી ફિશિંગ બોટમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. તો માછીમારની બોટમાં એકાએક આગ ભભૂકિ ઉઠી હતી. જો કે સદનસીબે આગમાં કોઈ પણ જાનહાનિની ઘટના બની નથી. બોટની કેબિનમાં રહેલો સામાન બળીને ખાખ થઈ ગયો છે. તો જોકે આગ લાગવાનું કારણ હજી અકબંધ છે. તો આ અગાઉ ઓમાનના ખસબ ખાતે અલી મદદ નામના વાહણમાં આગ લાગવાની ઘટના



બની હતી. મળતી માહિતી અનુસાર સલાયા પરત ફરતી વખતે એન્જિનમાં આગ લાગી હોવાનું સામે આવ્યુ હતુ.તો સદનસીબે દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

# રોટરી બજારમાં વોકળા પર આવેલી ૪ દુકાનના તળીયા બેસી ગયા

। રાજકોટ, તા.૧૪ ।

રાજકોટમાં સવારે વેપારીઓ જ્યારે દુકાનો ખોલી તો તળીયાનો ભાગ એક ફૂટ સુધી બેઠેલો જોવા મળ્યો છે. મહત્વપૂર્ણ છે કે વોકળા પર વર્ષો પહેલા રોટરી બજારનુ બાંધકામ કરવામાં આવ્યું હતું. સર્વેશ્વર ચોક વોકળા દુર્ઘટના હજી તાજી છે ત્યાં શહેરના રોટરી બજારમાં જર્જરીત વોકળાને પગલે ૪ દુકાનોના તળીયા બેસવાની ઘટના સામે આવી છે.સવારે વેપારીઓ જ્યારે દુકાનો ખોલી તો તળીયાનો ભાગ એક ફૂટ સુધી બેઠેલો જોવા મળ્યો છે. મહત્વપૂર્ણ છે કે વોકળા પર વર્ષો પહેલા રોટરી બજારનુ બાંધકામ કરવામાં આવ્યું હતું.વર્ષ ૧૯૯૫માં વોકળા પર રોટરી બજારનું નિર્માણ કર્યુ હોવાનું સામે આવ્યું છે. વેપારીઓનો આરોપ છે કે વોકળા જર્જરીત થતા આ સ્થિતિનું નિર્માણ થયું છે. તો ઘટનાની જાણ થતાં જ મનપા તંત્ર દોડતું થયું છે.અધિકારીઓ તપાસ કરી અને વેપારીઓની પૂછપરછ કરી.સ્થળ તપાસ બાદ અધિકારીઓનો દાવો છે કે સ્થિતિ નિયંત્રણમાં છે અને ચિંતાનો વિષય નથી. ઉલ્લેખનીય છે કે સર્વેશ્વર ચોક વોકળા દુર્ઘટનામાં અનેક લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. ત્યારે ફરી એકવાર સર્વેચોક વોકળા દુર્ઘટના જેવી ઘટના આકાર લેતા અટકી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨